Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૨૪ • તા. ૯ થી ૧૫ જુન ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No.MH/MR/East/53/2012-14



## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ ભાંડુપ આદેશ્વર જિનાલય ધ્વજા મહોત્સવની ઝલક...











## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

### એજ્યુસપાર્ક સમિતી દ્વારા શ્રી ગુલાબ ડુંગરશી ઘરમશી - સાંધાણ - મુલુંડના સૌજન્યથી...

"જ્ઞાતિજનો" માટે નીઃશુલ્ક કમ્પ્યુટર કોચીંગ ક્લાસેસ. જેમાં ૧ મહીનાનો બેસીક કોર્સ + ઈન્ટરનેટ શીખવડાવવામાં આવશે, સોમવારથી શુક્રવાર સાંજે ૪ થી ૫ અને ૫ થી ૬ બે-બેચમાં, પ્રત્યેક બેચમાં "સાત" જ્ઞાતિજનો વહેલો તે પહેલ ના ધોરણે રૂ.૫૦૦/- રીફંડેબલ ભરી તદન ફ્રીમાં કોર્સ લઈ શકશે.

**આભાર... આભાર... આભાર...**

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે એજ્યુકેશન સમિતી દ્વારા શરૂ થયેલ કમ્પ્યુટર ક્લાસેસનો સંપૂર્ણ આર્થિક સહયોગ શ્રી ગુલાબ ડુંગરશી ઘરમશી (GD સ્ટડી સર્કલ) પરિવાર દ્વારા મળેલ છે.

આ નવું જ્ઞાતિ ઉપયોગી કાર્ય શરૂ કરવા બદલ શિક્ષણપ્રેમી પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.




દીપ પ્રાગટ્ય કરતા નીરંજન મોમાયા, વિનોદ ધુલ્લા તથા પ્રમુખશ્રી



ગુલાબ ડુંગરશી ઘરમશી કંપનીનું સન્માન કરતા કન્વીનર હેમાંગ ઘરમશી તથા પ્રમુખ નયન ભેદા

# એક શામ એકતા ડેવલોપર્સ કે સાથ

**EKTA LAND DEVELOPERS**

અષાઢી બીજ નિમિત્તે તા.૨૦-૬-૧૨ બુધવારના અબડાસામાં પધારતા કે.ડી.ઓ. ભાવિકજનોને કચ્છી નવા વર્ષ નિમિત્તે અમારા એકતા નગર/૧ના ૬ઠા ડ્રો પ્રસંગે નલિયામાં આમંત્રીત કરીએ છીએ.



# આ મં ત્ર ણ



**સ્થળ :** ચન્દ્રપ્રભુ જૈન અતીથી ભવન, મોતા ફળિયા, નલિયા/કચ્છ

**-: પ્રોગ્રામ :-**

૧) સાંજના ૩ વાગ્યાથી ૫ વાગ્યા સુધી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના
૨) સાંજના ૫ વાગ્યાથી ૬ વાગ્યા સુધી ડ્રો તથા પરીચય પાર્ટી
૩) સાંજના ૬ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી ચોવિહાર

**નિમંત્રક :** એકતા લેન્ડ ડેવલોપર્સ, નલિયા : અબડાસા-કચ્છ

**એકતા લેન્ડ ડેવલોપર્સના કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં સુથડો ગામે સાંઘી સિમેન્ટ, એબીજી સિમેન્ટ અને જેપી સિમેન્ટ પાસે તેમજ જખૌ પોર્ટ અને પિંગળેશ્વર મહાદેવની પાસે આવેલ. વિવિધ પ્રોજેક્ટોમાં રોકાણ એટલે ઉજ્જવળ ભવિષ્યમાં રોકાણ**

## ● એકતા નગર ● એકતા રૂબી ● એકતા ગેલેક્સી




ટુંકમાં તારીખ ૧૧-૧૧-૧૨ના રોજ રજુ થનાર
અમારા નવા પ્રોજેક્ટ **એકતા ગેલેક્સી**ની વિશેષતા :

- ચારે તરફ બાઉન્ડ્રી ● રસ્તાની બન્ને બાજુ વૃક્ષ
- સિનીયર સીટીઝન માટે બગીચો (ગાર્ડન)
- બાળકો માટે બગીચો (ગાર્ડન) તથા રમતગમતના સાધનો
- રોડ ● પાણીની લાઈન ● સ્ટ્રીટ લાઈટ ● આકર્ષક ગેટ
- વોટર ટન્ક ૧,૦૦,૦૦૦ લિટર કેપેસીટી

નિયમો અને શરતોને આધિન




**વહીવટી કાર્યાલય : જવાહર રોડ, દિશા હોટેલ પાસે, નલિયા કચ્છ**

Phone : 02831-222191 Mob.: 9978002772 / 9925991118 / 9819018143 E-mail : ektaland@gmail.com

આદ્યતંત્રીઓ

"પ્રકાશ"

ડો. વેલજી પાશ્વીર ગોસર

"સમીક્ષા"

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

"પ્રકાશ સમીક્ષા"

સનત્ શાહ

: તંત્રી :

રાયચંદ આર. નાગડા

: સહતંત્રી :

ચંપક જીવાણી

: કાર્યાલય :

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી



જાહેરાત દર

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


## સમસ્ત મહાજન : અઢીવર્ષની ગર્ભાવસ્થા બહુલાંબી કહેવાય નહીં?

સમસ્ત મહાજનના મહાનુભાવો દક્ષિણ ભારતના જ્ઞાતિજનો સાથે જીવંત સંપર્ક કરીને આવશે તે સાથે એક અર્થમાં નાતના લગભગ બધા ખૂણા સાથેનું જનસંપર્ક અભિયાન પૂર્ણ થશે. માટે હવે અપેક્ષા રાખવી અસ્થાને નહીં ગણાય કે સમસ્ત મહાજનના વરિષ્ઠો એકાદ મહિનામાં સમસ્ત જ્ઞાતિની મુખ્ય આવશ્યકતા અને અગ્રતાઓ શું છે તેમજ વિવિધ વિભાગોની મુખ્ય આવશ્યકતાઓ અને અગ્રતાઓ શું છે તે અંગેનો નીતિ વિષયક અહેવાલ તુરંત પ્રગટ કરશે અને તેને આધારે સમસ્ત મહાજનની હાજરી વર્તાય તેવા નક્કર પગલાં પણ જલ્દીથી લેવાતા થશે.

અત્યારે મળેલા છૂટા છવાયા અણસાર પ્રમાણે સમસ્ત મહાજન નિષ્ક્રીય છે એવું કહેવા કરતાં બાળક જન્મ થાય અને સૌની નજર સામે તેનો વિકાસ થાય તેને બદલે માતા પેટમાં જ બાળકનો વિકાસ થઈ રહ્યો હોય તેવો તબક્કો ચાલુ છે એમ કહેવું સત્યથી વધારે નજીક ગણાશે. અલબત્ત, અહીં ટકોર કરવી પડશે કે અઢીવર્ષની ગર્ભાવસ્થા બહુ લાંબી ગણાય અને કંટાળાજનક. પણ સામાન્ય રીતે એક ટીમનો કાર્યકાળ પાંચ વર્ષનો ગણાય, તેમાંથી અડધો સમય જો ગર્ભાવસ્થામાં વતી જાય તે કેમ ચાલે?

અલબત્ત, બાળ ઉછેરના નિષ્ણતો માને છે કે ગર્ભાવસ્થા અને મા-બાપ ફિકર કરતા હોય તેવો ઉછેરકાળ જેટલો મોટો લાંબો તેટલું તે પ્રાણી વધુ સુસજ્જ બને. એ ન્યાયે જો ગર્ભાવસ્થા અમારી લાંબી છે તો જે બાળક આવશે, તે ગર્ભાવસ્થા લાંબી રહેવા અંગે જ્ઞાતિજનોની જે ફરિયાદો છે તે દૂર કરે તેવું ઉત્તમ હશે. જોકે, ઉછેર કાળ પણ એટલો જ લાંબો રહેશે તો જ્ઞાતિની અપેક્ષાઓનો ભંગ થશે, આ વાત સમસ્ત મહાજનના અગ્રણીઓએ ધ્યાનમાં રાખવી પડશે.

સમસ્ત મહાજનની બેઠકોમાં ખરેખર શું થયું છે તેની કાર્ય નોંધો જાહેર થાય તે ઇચ્છનીય છે. કેમકે તેના વગર તો સમસ્ત મહાજન નિષ્ક્રીય છે તેની છાપ વધુને વધુ રૂઢ થતી જશે.

જે થોડ ઘણી વાતો આગેવાનો સાથેની અનૌપચારિક વાતચીતના આધારે જાણવા મળી તે પરથી એવી છાપ ઉપસે છે કે...

૧) સમસ્ત મહાજન સાથે સંકળાયેલા મુંબઈના આગેવાનો મુંબઈના સમાજજીવન સાથે એટલા બધા માનસિક રીતે વ્યસ્ત રહે છે કે સમસ્ત મહાજનમાં સમસ્ત જ્ઞાતિનું પણ કામ થવું જોઈએ એ વાત તેમને યાદ રહેતી નથી.

૨) એ ખુશીની વાત છે કે હવે મુંબઈનાં ઘણા જાગૃત આગેવાનો હવે જલ્દીથી સમસ્ત મહાજનની હાજરી નહીં વર્તાય તો લોકોની નજરમાં સમસ્ત મહાજનનું કોઈ મહત્વ નહીં રહે એ વાતથી ચિંતિત થઈ રહ્યા છે. તેથી હવે સમસ્ત મહાજનની કાર્યવાહીની પરિસ્થિતિ સુધરી રહી છે તેવી આશા રાખી શકાય તેમ છે.

૩) સમસ્ત મહાજનના દેશાવરના આગેવાનો સહિયારા નેતૃત્વની છાપ ઉપસાવવા માટે કે જ્યાં જ્ઞાતિનું સંસ્થાકીય માળખું નબળું હોય ત્યાં ટેકો દઈ તેને વ્યવસ્થિત કરવા બાબત વધુ ઉત્સાહી જ નહીં, વધુ વ્યવહારુ પણ છે. તેઓ નક્કર કામ સિવાય પોતાનું ઔચિત્ય સિધ્ધ નહીં થઈ શકે એ બાબતે સજાગ કોઈ તે અંગે અવારનવાર ટકોર કરતા રહે છે.

અલબત્ત, દેશાવરના પ્રતિનિધિ આગેવાનોની સંખ્યા મુંબઈવાળા કરતા ઓછી છે અને તેઓ જુદા જુદા સ્થળેથી જુદા જુદા સંજોગોમાંથી આવે છે તેથી તેમણે સંગઠિત અવાજ ઉઠાવવાનું શરૂ કર્યું છે તે છતાં તેમની સંખ્યા ઓછી હોવાથી તેમનો આવાજ બુલંદ થઈ સૌના ધ્યાનમાં આવી એ વાતને સમય લાગ્યો. જોકે, હવે તેનાં પરિણામ

નજીકના ભવિષ્યમાં જ્ઞાતિને જોવા મળશે એવા સંકેત મળી રહ્યા છે.

સમાપનમાં કહેવાનું કે આ તબક્કે એ વાતનું પણ ધ્યાન રાખવું રહ્યું કે આટલા સંપર્ક અભિયાન બાદ સમસ્ત મહાજનોના આગેવાનો તરફથી જ્ઞાતિજનોને સમસ્ત મહાજનની હાજરી વર્તાય તેવા નક્કર પગલાને અગ્રતા નહીં અપાય તો એટલો મોટો અપેક્ષા ભંગ થશે કે જ્ઞાતિજનો સમસ્ત મહાજનને કાગળનો વાઘ સમજીને તેની પાસે અપેક્ષા રાખવાનું જ છોડી દેશે અને તે સ્થિતિ સમસ્ત મહાજનના નિષ્ક્રીય હોવા કરતાં પણ ભયંકર અને ખેદજનક હશે.

આશા નહીં શ્રધ્ધા રાખીએ કે સમસ્ત મહાજનના આગેવાનો આવી સ્થિતિ આવવા નહીં જ દે.

**– *ચંદ્રસેન મોમાયા***

## જિંદગી – વન ડે ક્રિકેટ

આપણી જિંદગી વન ડે ક્રિકેટ જેવી છે. પણ એમાં વિશેષતા એ છે કે બેટ્સમેન, બોલર, ફિલ્ડર અને એમ્પાયાર આપણે પોતે જ છીએ.

વન ડે મેચમાં માત્ર એક રન, એક જ કેચ. એક જ બોલ, એક જ ગલત નિર્ણય ટીમને વિજેતા બનતાં અટકાવી શકે છે કે હરીફ ટીમને વિજેતા બનાવી દે છે.

જિંદગીમાં પણ પ્રત્યેક પળની સાવધાની હોય તો જ આપણે વિજયી નિવડીએ છીએ. એકાંતમાં થઈ ગયેલા પાપ પાછળ એમ્પાયરની ઊંચી થતી આંગળીની જેમ જાતને આઉટ કરવાની તૈયારી નહીં હોય તો આપણે જિંદગીમાં હાર્યા જ સમજજો.

સામગ્રીઓના સદ્ઉપયોગની પુરતી તક હોવા છતાં ધર્મ આરાધનામાં ગાફેલ રહ્યા તો રન લેવાનું ચૂકી જનાર બેટ્સમેનની જેમ આપણે પસ્તાવાનું નક્કી જ સમજજો.

દુષ્કૃત્યથી બચી જવાની શક્યાતા હોવા છતાં એમાં બેદરકાર રહ્યા તો કેચ ગુમાવનાર ફિલ્ડરની જેમ જિંદગીની મેચ આપણા હાથમાંથી ગઈ સમજજો.

પાપને જડમૂળમાંથી ઉખેડી નાખવાની તાકાત હોવા છતાં એના પ્રયત્નમાં તમે કચાસ રાખશો તો બોલરની નબળી બોલીંગને ઝૂડી નાખતા બેટ્સમેનની જેમ કર્મ-સત્તાના હાથે ઝૂડાઈ ગયા જ સમજો.

***સંકલન – શાહ મધુકાંત વિશનજી (ઘાટકોપર)***


મેળાવો પરિવાર ડોંબિવલી

આયોજીત પ્રથમ કાર્યક્રમ

શ્રી નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન

|| સર્વ જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ ||

આધિ-વ્યાધિ-ઉપાધિનો અંત લાવતો... 'નવકાર મહામંત્ર' સુખ-શાંતિ-સમૃદ્ધિ ઉપજાવતો...'નવકાર મહામંત્ર'
મંદી-માંદગી-મોંઘવારીમાં રક્ષા કરતો... 'નવકાર મહામંત્ર' આત્મા-પરમાત્માને સાક્ષાત કરાવતો...'નવકાર મહામંત્ર'
તો ચાલો...! રવિવાર, ૨૪ જુન ૨૦૧૨ના શુભદિને મહા મંગલકારી 'નવકાર મહામંત્ર'ના
જાપ અનુષ્ઠાનમાં આવી પ્રભુ ભક્તિમય નવકાર મહામંત્રની સાધના કરીને જીવન ધન્ય બનાવીએ.

| | |
|---|---|
| શુભદિવસ | રવિવાર, તા. ૨૪.૦૬.૨૦૧૨ સવારના ૭.૦૦ કલાકે |
| શુભસ્થળ | શ્રી સુવિધિનાથ જીનાલય, અચલગચ્છ ભવન, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ) : ૪૨૧ ૨૦૧. |
| શુભ નિશ્રા | અચલગચ્છીય તપસ્વીરત્ના પ.પૂ.સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ.સા.આ.ઠા. |
| પાવન પધરામણી | શ્રી જયંતભાઇ 'રાહી'ના ધર્મપુત્ર યુવાવિધિકાર શ્રી હર્ષ દેઢિઆ (તલવાણા) ના સંગીતમય સથવારે, વિવિધ મુદ્રામાં શ્રી નવકાર જાપ કરાવશે. |
| નવકાર જાપના લાભાર્થી પરિવાર | માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા પરિવાર હસ્તે શ્રી ધીરેનભાઇ, જીતેશભાઈ, રાહુલભાઇ ગામ: વારાપધ્ધર |
| નવકારશી ના લાભાર્થી પરિવાર | માતુશ્રી ઝવેરીબાઈ ભવાનજી દંડ પરિવાર હસ્તે : અ.સૌ. ભારતીબેન મહીચંદ ભવાનજી દંડ ગામ : છાડુરા (નલિયા) |

નોંધ : - નવકાર મહામંત્રનો જાપ પૂર્ણ થયા બાદ નવકારશીની વ્યવસ્થા રાખેલ છે.

નવકાર મહામંત્રના જાપ માટે ફરજીયાત સફેદ વસ્ત્ર પહેરી અવશ્ય પધારશોજી.

સંપર્ક : હીરેન કુરવા – 7666849296 ☯ ધવલ ખોના – 9820426528 ☯ પ્રતિક લોડાયા – 9819777274

## આવો, આપણે જાણીએ આજની ખાદ્ય વિશ્વની અજાયબ ગંભીરતાની વાતો.

જાણવા જેવી જરૂરી વાત ગ્રીન સિમ્બોલ (ડોટ)નું રહસ્ય

ખાદ્ય પદાર્થો પર દર્શાવાતા ગ્રીન-રેડ સિગ્નલ કેટલા ખરા? E Numberની વિશ્વસનીયત કેટલી?

૧) દરેક વ્યક્તિ સારી વસ્તુઓ પસંદ કરતા હોય છે. પરંતુ હકીકત જાણ્યા વગર તેનું પાલન કરનાર ક્યારેક હાસ્યાસ્પદ બનતા હોય છે.

૨) આપણા ધર્મ-સંસ્કૃતિ-સમાજ-દેશ તથા માનવતા ઉપરની આફત બહારથી નહીં પણ આપણી અંદર રહેલી નિષ્ક્રિયતાથી છે.

૩) ક્યારેક આપણે ભૂલભરેલું વિચારીએ છીએ કે મારા એકલાથી કાયદા કાનૂનનું પાલન કરવાથી દેશ-ધર્મ-માનવતાની વ્યવસ્થા સુધરી નથી જવાની.

૪) ધ્યાનમાં રાખજો કે આપણે બધા આ વિશ્વના દેશ-ધર્મ સંસ્કૃતિ અને માનવતાના ભાગરૂપ છીએ. ચાલો, આગળ વધો અને જુઓ બધા સાથે જોડાઈને કેવું પરિવર્તન આવે છે.

૫) આપણી માનવતા, આપણો ધર્મ, આપણું સ્વાસ્થ્ય, આપણું પુણ્ય, આપણી સુખ અને શાંતિ બધુંજ મેળવવું આપણા હાથમાં છે.

૬) આ મહિતીનો ઉદ્દેશ્ય અહિંસા, શાકાહાર, કોમળ, ભાવના, શુધ્ધતા, પવિત્રતા સાથે આત્મા જિવિત રહે માટે જણાવવો જરૂરી છે. શું આપ જાણો છો. બજારમાં મળતા ખાદ્ય સામગ્રીના પેકેટ ઉપર એકદમ બારીક અક્ષરોમાં લખેલ E-નંબરના મતલબ શું છે?

તો જાણો અંદર છૂપાયેલી ખબર!

### ૧૦૦% વેજ? અધુરી જાણકારીથી સાવધાન!

ઇ.સ. ૧૯૯૩માં યુરોપના કાયદાની માફક ભારતમાં પણ બધા જ ખાદ્ય પદાર્થોને બે ભાગોમાં વર્ગીકૃત કર્યા.

માંસાહારી ખાદ્ય પદાર્થના પેકેટ ઉપર લાલ ચિન્હનું નિશાન અને શાકાહારી ખાદ્ય પદાર્થના પેકેટ ઉપર લીલું ચિન્હવાળું નિશાન કરવાનું ફરજીયાત બનાવ્યું.

કાયદો બનાવતા સરકારી અધિકારીઓએ જે રીતની ગેરરીતિ આચરી તે સમજવા જેવી છે. માંસાહારી ખાદ્ય પદાર્થો તૈયાર કરતી વખતે પ્રાણીના વાળ, પાંખ, શીંગડા, નખ, ચરબી, ઇંડાની સફેદી વગેરે પદાર્થોને દૂર કરવાનો અથવા કાઢી નાખવાનો કાયદો કર્યો હતો. એટલે ઉત્પાદન


"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**ONLY REAL JARI**

- સાચી જરીનાં ઘરચોળા
- સાચી જરીની સાડીઓ-ચણીયા-ચોલી
- સાચી જરીનાં પટા
- સાચી જરીની આરીની સાડીઓ ચણીયા-ચોલી
- સાચી જરીની કાંજીવરમ સાડીઓ

**સારા ભાવે વેંચાતા લઈશું.**
**રોકડા પૈસા આપવામાં આવશે.**

**મહાવીર'સ એમ્બ્રોઈડરી**

મહાવીર કંપાઉન્ડ સ્ટેશન પાસે, માટુંગા
ફોન : 2402 5070 / 6504 6030
મો. 86522 39537
(રવિવારે બંધ)

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા



Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જૂના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ

કરતી કંપનીઓએ હોંશીયારી કરીને આ અશુધ્ધ પદાર્થોનો ઉપયોગ લીલું ચિન્હની નિશાની કરીને બજારમાં શાકાહારી પદાર્થ તરીકે તે વેંચે છે!

ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરતી કંપનીઓ આ અશુધ્ધ વસ્તુઓને Additivesના રૂપમાં મેળવે છે અને આ તત્વોને વિભિન્ન શ્રેણીમાં વહેંચી નાખ્યા છે. દા.ત.. Colouring Agent, Conservation Agent, Auti-Oxidauts, Emulsitiers, Stabilizers, Preservatives, Thickener, Auti-Coagulants, Taste Enhansers, Modified Starches.

આ ઇનગ્રેડીયંટ એટલે કે આ વસ્તુઓના નામ મોટા અને લાંબા હોવાથી નાના પેકેટ ઉપર લખી શકાય તેમ ન હોવાથી યુરોપના કાયદાની નકલ કરીને આ ઘટકો માટે E-Number System (ENS પ્રણાલી) તરીકે લખવાનું ચાલુ કરેલ છે.

ઇન્ટરનેટ સાઈટ www.eggieglobals.com પર જોઈએ તો ઉપયોગમાં લેવામાં આવતા ઘણા ઘટકો (અંતર્ગત તત્વો) માંસાહારી છે.

આ સૂચિ જોવાથી આ ઘટકોના E-numberનો મતલબ સમજી શકાય છે.


।। જય શ્રી સચ્ચામાં ।।

।। જય શ્રી પોડસાદાદા ।। ।। જય શ્રી ક્ષેત્રપાલદાદા ।।

**વિકમશી નુખના**
**શ્રી સચ્ચામાતાજીની સમૂહ પહેડી**

વિકમશી નુખના સર્વે ભાવિકોને જણાવતાં સહર્ષ આનંદ થાય છે કે "શ્રી સચ્ચામાજી"ની સમૂહ પહેડીનું આયોજન મુંબઈ મધ્યે કરેલ છે. આસો સુદ ૧૦, બુધવાર તા.૨૪-૧૦-૧૨ના સવારના ૮.૩૦ થી ૨.૦૦ સુધી કરેલ છે. તો આપ સર્વેને સપરિવાગર/નિયાણી બહેનોસહ પધારવાનું સહર્ષ આમંત્રણ છે.

**-: સ્થળ :-**

સક્કર પંચાયત હોલ, ૧૮/૧ આર.એ.કીડવાઈ રોડ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧.

**નોંધ :** આપ કેટલા જણ પધારશો તેની જાણ અગાઉથી કરવા વિનંતી છે.

**-: સંપર્ક :-**

**નિલેશ કરમશી વિકમશી - ૯૮૨૦૭૮૨૪૩૧**

**અખિલેશ ધનજી વિકમશી - ૯૮૧૯૮૨૭૨૮૦**


આ ઉપરાંત કોઈ કોઈ ખાદ્ય ઉત્પાદક કંપનીઓ ઉત્પાદનો ઉપર E-Number નથી લખતી પણ તેમાં વપરાયેલ ઘટકોની કેટેગરીના નામ લખે છે. જેથી વપરાશકારોના મનમાં દુવિધા ઉત્પન્ન થાય છે કે આ પદાર્થોમાં વપરાયેલા ઘટકો શાકાહારી છે કે માંસાહારી? અથવા આ બન્નેના ઉપયોગથી (Mix) બનાવેલા પણ હોઈ શકે છે.

વાચક મિત્રો, કેટલીક જાણીતી કંપનીઓ બિસ્કીટ, ટ્રોફીઓ, ન્યુટ્રીયન્ટ પાવડર, જ્યુસ, ચોકલેટ, નુડલ્સ, ચીપ્સ, ચ્યુંગમ, પીપરમીન્ટ, શોસ, જેલી, કેક, બ્રેડ, બટર ટોસ્ટ તથા દવાઓ, સીરપ, ટેબ્લેટ, કેપ્સ્યુલ વગેરે એવી કેટલીયે ખાદ્ય વસ્તુઓમાં પ્રાણીજન્ય તથા માંસાહારી પદાર્થો વપરાયેલા હોય છે. કેટલીક વસ્તુઓના ટકાઉપણા, કલર, સ્વાદ અને રૂપરંગ માટે જાણ્યે-અજાણ્યે આ પ્રકારે ભેળસેળ કરીને ધર્મજયણા-આચાર અભડાવામાં આવે છે. આથી દરેક સ્થળે ડગલે અને પગલે સાવધાનીપુર્વક તપાસ કરી વપરાશ-ઉપયોગ રાખવા તકેદારી લેવી.

ઉત્પાદકો માત્ર નફો રળવા ગમે તે પાયરીએ જઈ ગમે તે કરવા તૈયાર થઈ જાય તેવીશક્યતા છે. આજના જંકફુડ, સ્વાદ-રૂપરંગ ફેશન અને લલચામણાં બાહ્ય શુશોભિત પદાર્થોની બનાવટમાં ખરું રહસ્ય તપાસી જુઓ. તમારા સ્વાસ્થ્ય સાથે કઈ રીતે ચેડાં થાય છે તે જાણો આ ગંભીર બાબતો વિષે સાવધાન વેજ-નોનવેજ વિષે કાનુની સુચનાઓ બારીક અક્ષરે પ્રિન્ટ થાય છે. એ અનર્થોની પાતળી ભેદરેખા જાણવી જ રહી. આર્ય સંસ્કૃતિપર થતા આ ગંભીર હુમલા આપણને ક્યાં લઈ જશે?

***સંકલન - ચંપક જીવાણી***

## એક સાંજે

બેઠો હતો હું બાગમાં એક સાંજે,
સમીપમાં ઘુઘવતો દરિયો નાચે
ગગનમાં નીલવર્ણાં વાદળો ગાજે
મન મારું ચડયું વિચાર વંટોળે આજે

આ જગતમાં મહત્તા કોને વરે છે
આ જગતમાં અધમ કોને કહે છે

પડયાં નભ થકી વર્ષાબિંદુ સમુદ્રમાંહી
મળ્યો ઉકેલ મારો તરત ત્યાંહીં
સદા અર્પનારા વાદળો ઉંચે રહ્યા છે
સદા સંચયી સાગરો નીચે રહ્યા છે.

***- શાહ મધુકાંત વિશનજી, ઘાટકોપર***

## ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### THE SOUND OF MUSIC - ગીત ગાતા ચલ

શ્રી ક.દ.ઓ.. જૈન જ્ઞાતિ મહાજન., મુંબઈ સંચાલિત અને શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં યોજાયેલ "THE SOUND OF MUSIC - "ગીત ગાતા ચલ." એ આપણી જ્ઞાતિના બિન વ્યવસાયિક ગાયક વૃંદ માટે પોતાની કલા ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રજૂ કરવાનો એક અવિસ્મરણીય અવસર બની રહ્યો..

મનિષભાઈ ડાઘાની કૃતિ "સંગીતથી સ્વાસ્થ્ય." સંગીત રસિકોને સંગીત સુરાવલિઓથી સ્વાસ્થ્ય પરની અસરનો એક નવો જ ખ્યાલ આપી ગઈ. સંગીતના સૂરો થકી મનની શાંતિ અને શારીરિક સ્વાસ્થ્ય પામી શકાય એવી મ્યુઝિક થેરપી રજૂ થઈ. આપણા પોતાના જ બોલીવુડ ફેમ સંગીતજ્ઞ જયંતિભાઈ ગોસર અને એમના સાજિંદાઓની અથાક મહેનત, ઓડિશનથી લઈને ફાઈનલ સ્ટેજ પર્ફોરમન્સમાં એમના માર્ગદર્શન દ્વારા જ રજૂકર્તા ૧૮ જ્ઞાતિ કલાકારો ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ પોતાના ગીતો રજૂ કરવામાં સફળ રહ્યા.. એમનો અને ભરતભાઈ ગોસરનો સુપર્બ સાઉન્ડ મેનેજમેન્ટ બદલ આભાર.

*૫-૬-૧૨ મુલુંડ* — *ગૌતમ સોમચંદ દંડ*

### શું પ્રાર્થના સભા અંગે કંઇક નક્કર વિચારણા થઈ શકે?

મોંઘવારીના આ જમાનામાં સામાન્ય માણસને પ્રાર્થનાસભા અર્થે સાદા અને સસ્તાં કોઈ હોલ ખરાં?

ગાયકવૃંદ અને વાજીંત્રો વિના ફક્ત સંગીતની ટેપથી પ્રાર્થનાસભાની વિધિ સસ્તામાં આટોપી ન શકાય?

આપણું મહાજન આ દિશામાં કંઇક નક્કર કરી કપરી મોંઘવારીમાં ભીંસાતી આપણી જ્ઞાતિને રાહત આપી શકે.

હેલ્પલાઈન ચલાવતા હોવાથી અવાર-નવાર આવા ફોન પણ આવ્યા કરે છે પરંતુ માહિતીના અભાવે કોઈ જવાબ આપી શકાતું નથી..

*૫-૬-૧૨ મુલુંડ* — *કુલીનકાંત ચાંપશી લુઠીયા*

મુંબઈ ગોવાલીયરિક જૈન સંઘના અનુમોદનીય અનુકરણીય નિર્ણય બાદ જૈન શ્રી સંઘોએ આ નિર્ણય અયનાવર્ષાભેઈએ મોઘીદાર વૈભવી પત્રીકાના બદલે સુંદર સારી શસ્તી પત્રીકા વડાર ફોટાવાળી છાપવા આપણા સંઘોને ખાસ વિનંતી.

*નાંદેડ : ૨૧-૫-૧૨* — *પ્રેમચંદ મોતા*

### પહેડી કે પાંખડ?

લબ્ધિભાઈ મોમાયાએ પ્રકાશ સમીક્ષા તા.૧૯ થી ૨૫ મે, ૨૦૧૨ના એકવીસમાં એકમાં ઉપરોક્ત મથાળા નીચે આજના કળિયુગમાં સમાજની આંખ ઉઘાડવા માટે સૂચન કરેલ છે.

દેવ-દેવીઓ, પીરો-સંતોની પેડીઓની ફેશન અને દેવસ્થાનોની ક્રુર મજાક મશ્કરી એ હવે પેશન અને દેખા દેખીનું સ્વરૂપ ધારણ કરી એક બીજા દેવ-દેવીઓ, પીરો-સંતોની પેડી થાય અને એના કરતાં અમારી પેડી કેમ ચડિયાતી થાય અને એમાં પછી ભલેને દેવ-દેવીઓની તેમજ પીરો-સંતોની અશાતના થઈ હોય પણ કરવું એટલે કરવું. સાચી રીત કોઈ કહે તો એને આંખ આડા કાન કરી પોતાનું ધાર્યું કરવુ ંએજ ઉદ્દેશ્ય.

જે કાર્ય માટે ભાવના વિરાટ અને અણમોલ છે પણ વતનમાં સ્થાનકે આવવા દરેકને સમયની પાબંદી નડે છે. આવા આ કળિયુગમાં જેથી કરી આ પેડી પ્રસાદનું દુષણ મારા માનવા પ્રમાણે સૌ પ્રથમ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિમાંથી ઉત્પન્ન થયું છે. જે ક્રમે ક્રમે આજે બીજી જ્ઞાતિઓમાં પણ દેખાદેખીથી આગળી વધી રહ્યું છે. પણ દર કારતકી પુનમે અને ચૈત્રી પૂનમે પોતાના કચ્છ વતનમાં જ્યાં મૂળ દેવ-દેવીઓ અને પીરો-સંતોના બેસણાં છે ત્યાં જ ઘર દીઠ એટલે કે ચુલા દીઠ એક વ્યક્તિ ફરજિયાત આવી સમૂહમાં સ્થાનિકે સમુહ પેડી-પ્રસાદ કરી પછી પરત જાય છે એજ પેડી-પ્રસાદની સાચી રીત છે.

આપણાં દેવ-દેવી અને પીરો-સંતોને વર્ષ દરમ્યાન એકવાર પણ ન નમીએ અને જ્યાં ત્યાં રહેતા હોઈએ ત્યા ં ખોટાઓને જુઆરી, પેડી-પ્રસાદ કરવાની રીત ખોટી છે. સાચી નથી.

હું લબ્ધિભાઈને ખુબ ખુબ અભિનંદન આપું છું. તેમનું ઉદ્દેશ્ય સાચી દિશા અને રાહ ચીંધવાનું હોઈ, ભાવિકોએ પણ આ બાબતે ખુબ વિચાર-મનન કરવાની જરૂર છે.

*ભુજ : ૩૦-૫-૨૦૧૨* — *ભુવાશ્રી કિશોરભાઈ જે સાંયા*

## મેપાણી પરિવારનું ગૌરવ



**ચિ. ભાવીન રાજેશ મેપાણી**
(પરજાઉ, મુલુન્ડ)

ધો.. ૩માં ૯૭% મેળવીને પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયા બદલ હાર્દિક અભિનંદન..

**-: શુભ આશીષ :-**

દાદા દાદી : **ગ.સ્વ. દેવકુંવર વિશનજી મેપાણી પરિવાર** (પરજાઉ, મુલુન્ડ)
માતા પિતા : **સેજલ રાજેશ મેપાણી** (પરજાઉ-મુલુન્ડ)

# A DECADE PASSED BY



## JAYA BAI

15-6-2002

**Damji Umarshi Nagda Parivar,** Bellary

**Priya-Chittaranjan - Dipen & Rupen**

**Nalini Praveenchandra Dharamsey,** Surat

**ShobhaRamesh Shah,** Dombivli

**Ramola Manjunath,** Dharwad

## MAA CREATION

Jumma Masjid Sty. CB, Bellary-Karnataka

# માતૃભાષામાં શિક્ષણ

*મૂળ લેખક - સ્વામીનાથન ઐયર*

એક તાજા અહેવાલ મુજબ પહેલા વર્ગમાં ભણતા ભારતીય બાળકોમાંથી માત્ર ૪૮.૩% અંગ્રેજી બારાખડી વાંચી શક્યા હતા-પહેલી એ.બી.સી.ડી. (Capital Letters) પણ નહિ. પ્રથમ નામની સ્વૈચ્છિક સંસ્થાના (NGO) વાર્ષિક શૈક્ષણિક પરીક્ષણોમાં જણાવાયું છે કે ગુજરાત રાજ્યનો દેખાવ અત્યંત નિરાશાજનક હતો. માત્ર ૨૫.૩% ગુજરાતી બાળકો પહેલી એબીસીડી વાંચી શક્યા હતા. આ ખામીને સુધારવા, હવે ગુજરાત સરકારે અંગ્રેજીને પહેલા ધોરણથી જ શિખવવાનું ગંભીરતાથી વિચાર્યું છે.

આ પણ એક ભૂલ છે. વૈશ્વિક સંશોધનો કહે છે કે બાળકોએ પ્રથમ માતૃભાષામાં જ વાંચવું-લખવું-શીખવું જોઈએ. જ્યારે તેઓ એક મિનિટના ૨૪-૬૦ શબ્દો આસાનીથી વાંચી શકશે, ત્યારે જ તેઓ જે વાંચ્યું છે તે ગ્રહણ કરી શકશે. આવી ગ્રહણશીલતા માતૃભાષાના શિક્ષણને કારણે જ ઉપલબ્ધ થશે. એક વાર આ પ્રક્રિયા પ્રસ્થાપિત થઈ જાય તો ત્યાર બાદ અન્ય ભાષા સરળતાથી શીખી શકાય છે.

અંગ્રેજી ભાષામાં પ્રથમ શિક્ષણ, બાળકને ઝડપથી માતૃભાષા શીખવામાં અડચણ રૂપ બની શકે છે. બારાખડી જલ્દી અને આસાનીથી શીખી લેવી મહત્વનું છે. આ બાબતે બીજા ધોરણ સુધી જે બાળકો પાછળ રહે છે, તેઓ ઉપલા ધોરણોમાં પોતાના સહાધ્યાયીઓ સાથે કદમ મિલાવવામાં મુશ્કેલી અનુભવશે.

આ તારણ જ્ઞાનતંતુ વિજ્ઞાન શાખામાં સંશોધન કરતી સંસ્થાઓના છે જે બાળકોના આરંભિક શિક્ષણ પર કાર્ય કરી રહી છે. શિક્ષણશાસ્ત્રી હેલન અબાડાઝી તેમના પુસ્તક "Efficient Learning for the poor : msights from the frontier of congnitive neuroscience" માં કહે છે કે મનુષ્યની ટૂંકાગાળાની યાદદાસ્ત ૧૨ સેકંડ સુધી સુંદર કામગીરી બજાવે છે. માટે તેણે બાર સેકંડમાં એક વાક્ય વાંચી સમજી, વિભાગીકરણ કરી તેને પોતાની માનસિક લાયબ્રેરીમાં તેની યોગ્ય રીતે ગોઠવણ કરતાં આવડવું જોઈએ. નિષ્ણાતો આ ક્રિયાને 'Cognitive Network' કહે છે.

આબાડાઝી એક અન્ય સ્થળે નોંધે છે કે લોકોને એક સેકન્ડમાં એક શબ્દ વાંચતા આવડવું જોઈએ. છેવટે સારા વાંચક થવા માટે વધુમાં વધુ દોઢ સેકંડમાં એક શબ્દ વાંચવો જોઈએ જો વાંચવાની ગતિ એનાથી ધીમી હશે તો વાંચનને અંતે શરૂઆત ભૂલાઈ જવાશે. બાળકોને અન્ય બાષાના શબ્દોને વાંચવામાં, સમજવામાં મથામણ કરવી પડે છે. યોગ્ય ઝડપ આવતી નથી. યોગ્ય ઝડપને અભાવે બાળકો શિક્ષકોને તથા પાઠ્યપુસ્તકોને સારી રીતે સમજી શકતા નથી પરિણામે શાળામાં આઠ વર્ષ વીતાવ્યા પછી પણ તેઓ શૈક્ષણિક દૃષ્ટિએ પછાત રહેશે ખેદપૂર્વક જણાવવું રહ્યું કે ભારતમાં આ પરિસ્થિતિ સામાન્ય છે.

આ બીજી ભાષાઓ શીખવા સામે વિરોધી દલીલો નથી. ખરેખર તો આઠ વર્ષથી નીચેની વયના બાળકોની ગ્રહણ શક્તિ તેજ હોય છે. પરંતુ સંશોધનો દર્શાવે છે કે એક ભાષામાં નિપુણતા મેળવ્યા બાદ બીજી ભાષા શીખવી સરળ છે. પ્રથમ ભાષા પરનો કાબૂ બાળકની, સમજવાની અને મૂલ્યાંકન કરવાની શક્તિનો વિકાસ કરે છે તેથી અન્ય ભાષા પર પ્રભુત્વ મેળવવાનો માર્ગ આસાન બને છે.

સુખી બાળકો, શાળામાં દાખલ થતાં પહેલા જ મા બાપ પાસેથી ભણતરના પહેલા પાઠો શીખ્યા હોય છે અને એમનું શબ્દ ભંડોળ લગભાગ ૩૧૦૦ શબ્દોનું હોય છે. પરંતુ ગરીબ ઘરના બાળકનું શબ્દ માથું ૫૦૦ શબ્દ સુધી સીમિત હોય છે. આમ પહેલા ધોરણથી જ ગરીબ બાળકનો સંઘર્ષ શરૂ થઈ જાય છે. તેમાં જો માતૃભાષા સિવાયની ભાષા શિક્ષણ માધ્યમ હોય તો લડત દુઃખદ બની જાય છે.

આબાડાઝી ઝાંબીયા દેશમાં થેયલા એક પ્રયોગનું પરિણામ જણાવતા કહે છે કે, "જ્યારે બાળકોને પ્રથમ તેમની સ્થાનિક ભાષા અને તે પછી અંગ્રેજીનું શિક્ષણ આપવામાં આવ્યું ત્યારે એ અનુભવ ઉત્સાહજનક હતો, બાળકોએ બન્ને બાષા પર સુંદર કાબૂ મેળવ્યો હતો."

આ પ્રયોગ ભારત માટે ઉદાહરણ રૂપ છે. અલબત્ત સાંપ્રત સમયમાં અંગ્રેજીનું મહત્વ નકારી શકાય તેમ નથી. ગુજરાતી મા બાપ જો એમ કહે કે અમારું બાળક ગુજરાતી જાણે છે. એને ગુજરાતી શિખવાની શી જરૂર છે? તો એ વિચાર-સરણી ભૂલભરેલી છે. હકીકત તો એ છે કે બાળક જો ગુજરાતી પ્રથમ શીખશે તો અંગ્રેજી, શીખવું સુગમ થશે. અંગ્રેજી જરૂરી છે પણ માતૃભાષાના મૂળિયા નાખ્યા પછી, એનું સંસ્કાર સીંચન થયા પછી.

*અનુવાદ - માણેકજી લોડાયા (પુના)*


K. Dixit

રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.

કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ

982045 7676

417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in



**શ્રી સાંતાક્રુઝ (પૂર્વ) નગરે શ્રી કલીકુંડ પાર્શ્વનાથ જિનાલયે પ.પૂ.સા.શ્રી રત્નરેખાશ્રીજી આદિ મ.સા.ના ચાતુર્માસ પ્રવેશ પૂર્વે અમારા નિવાસ સ્થાને રાત્રી રોકાણ અને પ્રયાણ**

**ગુરૂવાર તા.૨૧-૬-૨૦૧૨ ના સવારના ૬.૧૫ કલાકે**

શાસન સમ્રાટ પરમ ઉપકારી રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા.ની અમીદ્રષ્ટિ અમ સંઘ પર સદાય વરસતી રહી છે. તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતી પ.પૂ.આ.ભી.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.ની આજ્ઞા-આશિષે, અચલગચ્છાધિપતીના આજ્ઞાવર્તીની પ્રશાંતમૂર્તિ, સાધ્વીમુખ્યા પ.પૂ.સા.શ્રી રત્નરેખાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી હર્ષાવલીશ્રીજી મ.સા. પ.પૂ.સા.શ્રી લક્ષ્યવીણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા.શ્રી જયસ્મિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો મંગલ પ્રવેશ અષાઢ સુદ ત્રીજ, ગુરૂવાર તા.૨૧-૬-૨૦૧૨ના વહેલી પ્રભાતે ૬.૧૫ વાગ્યે અમારા નિવાસ સ્થાને

**મા. જયાબેન કુંવરજી ડાયાભાઈ ધરમશી**

**૧૦૩, વિજય એપાર્ટમેન્ટ, ૧૬૧, પ્રભાત કોલોની, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૫.**

થી પ્રયાણ કરી ચાતુર્માસ મંગળ પ્રવેશ શ્રી કલીકુંડ પાર્શ્વનાથ જૈન દેરાસર, સાંતાક્રુઝ (પૂર્વ) મુકામે કરશે.

આવો મહામુલો લાભ પ્રાપ્ત થતા અમારા પરિવારમાં આનંદની લાગણી પ્રસરી છે. આ શુભ પ્રસંગે સર્વે સગા વહાલાં, વેવાઈવેલા, પરિવારજનો, મિત્રોને અનુકુળતા મુજબ પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ. શ્રી કલીકુંડ દેરાસર, સાંતાક્રુઝ પૂર્વ મધ્યે નવકારશીનો લાભ આપવા વિનંતી.

લી. ભવદીય

**દિનેશ કુંવરજી ડાયાભાઈ ધરમશી**

**મો. ૯૯૩૦૪૪૬૪૨૫**

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ (મુંબઈ)

દ્વારા આયોજીત માદરે વતન કચ્છની ધીંગેરી ધરા ઉપર

**સમુહ લગ્નોઉત્સવ ૨૦૧૨ જે તા.૯-૧૨-૨૦૧૨ ના યોજવામાં આવેલ છે.**

**વતનની મીઠેરી ધરા માથે.**

આ શુભ પ્રસંગે જે દિકરીઓ લગ્નગ્રંથીથી પ્રભુતામાં પગલાં માંડશે તેણીઓને ગત વર્ષની જેમ આ વર્ષે પણ **ખોંભાના છાલ સાથે વધારામાં "રીયલ ડાયમંડ"ના કાનફુલ** કન્યાઓને દક્ષીણામાં **શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરીવાર) ગાંધીધામ શ્રીમતિ સીમાબેન લબ્ધિકુમાર મોમાયા** તરફથી અપાશે

**વધુ સંખ્યામાં દિકરીઓ - સમાજ સહભાગી થશે તેવી અપેક્ષા**



**-: સૌજન્ય :-**

**શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરીવાર)**

**ગાંધીધામ**




## વનિતા વિશ્વ : અરૂણિમાને ધક્કો કોણે માર્યો? મેં, તમે કે આપણે?

એકાદ વર્ષ પહેલાં, રાજ્યકક્ષાની જુવાન વોલિબોલ પ્લેયર અરૂણિમાને યુ.પી.ના બરેલી શહેર પાસે ચાલુ ટ્રેનમાંથી કેટલાક ગુંડાઓએ ધક્કો મારીને ફેંકી દીધી. એનો એક પગ કપાઈ ગયો.. દેશ માટે રમવાનું છોકરીનું સપનું કાયમ માટે કચડાઈ ગયું. રેલના પાટા પર કલાકો એ પડી રહી.. ટ્રેન તો આગળ જતી રહી પણ આપણો સમાજ ખરેખર પાછળ જઈ રહ્યો છે. એક સ્ત્રી સાથે જ્યારે આ બનાવ બન્યો ત્યારે સરકારે અરૂણિમાને માત્ર ૨૫,૦૦૦ રૂપિયાનો ટૂકડો ફેંક્યો.. ઈન્કવાયરી કરવાની સરકારી રસમો પણ નિભાવવામાં આવી.. પણ સરકાર, પોલીસ, પેલા ગુંડા લોકો એ બધા આ જ સમાજમાંથી આવે છેને? એટલે ખરેખર તો એ અરૂણિમાને ધક્કો મારનાર જે હાથ છે એ આપણા સૌના હાથ છે,. આપણે સૌ સામૂહિક રીતે જવાબદાર છીએ, સ્ત્રીઓની આવી આચાર હાલત માટે.

આપણાં લગ્નોની જાહેર ખબરોમાં આપણે સ્ત્રીને ગોરી દેખાવડી ઘરરખ્ખુ સંસ્કારીના લેબલ સાથે શાદીબજારમાં મુકીએ છીએ. જે ક્ષણે સ્ત્રીના શરીર પર આવાં લેબલો લાગે છે તે જ ઘડીએ આપણે એને પહેલો ધક્કો મારીએ છીએ. આજેય ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા "વિકાસ" કરતા રાજ્યોમાંય દર એક હજારે પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે. હજુય આપણી લગ્નસંબંધી જા.ખ.માં છૂટાછેડા લીધેલી સ્ત્રી માટે "નિર્દોષ" એવું વિશેષણ લગાડવું જરૂરી બની જાય છે. હજીય પરણ્યા પહેલાં "કુવારી" છે કે નહીં એ માટે સ્ત્રીએ ડોક્ટરી પરીક્ષણ કરાવીને કેરેક્ટર સર્ટિફિકિટ લઈ આવવું પડે છે. હજુય કાંચન અને કામિનીને ભાંડનારા, ઢોલ, ગંવાર, ક્ષુદ્ર અને નારીને પીટવાની તરફેણ કરનારા કથાકારો સામે સમાજ મસ્તિષ્ક નમાવે છે. અરૂણિમા નામની એથલેટને ટ્રેનમાં કોણે ધક્કો માર્યો એની ઈન્કવાયરી તો થતી રહેશે પણ એ પહેલાં આપણે આપણી ઈન્કવાયરી કરવાની છે કે આપણે સૌએ જાણેઅજાણે સ્ત્રીઓને કેટલા અદશ્ય ધક્કાઓ માર્યા છે.

સાસુને ઝેર આપતી વહુઓ કે પુત્રના કાનમાં ઝેર ભરતી સાસુઓ, કુટિલ કાવાદાવા કરીને નાની વહુ પર ત્રાસ ગુજારતી નણંદો વગેરે પાત્રોવાળી ટીવી સિરિયલો આપણે ખુબ રસપૂર્વક જોઈએ છીએ. જમતાં જમતાં લાચાર સ્ત્રીનું દર્દ માણીએ છીએ. રાત્રે ૮ થી ૧૦ વચ્ચેના પ્રાઈમ ટાઈમમાં, ભણેલો ગણેલો વર્ગ પણ સ્ત્રીઅત્યાચારની આ ક્રૂર કથાઓ જોઈજોઈને પુષ્કળ મજા લે છે. ક્યાંક છોકરીના પેટ પર લાત મારવામાં આવે છે. ક્યાંક એને જંગલમાં એકલી મૂકવામાં આવે છે, ક્યાંક એના પરનો બળાત્કાર દર્શાવાય છે, ક્યાંક એને ડાકણ માનીને સળગાવાય છે. જેટલી પાશવી વાર્તા, જેટલી ઘટિયા કુત્સિત રજૂઆત, જેટલું સ્ત્રી પર દમન વધુ એટલી સિરિયિલ વધુ સફળ! સાસુ, સસરાના પગ દબાવતી, ઘરના ઢસરડા કરતી, ગુલામડી સ્ત્રીને એ સિરિયલોમાં આદર્શ "બહુ" કહેવાય છે અને દુઃખની વાત એ છે કે આ બધું સ્ત્રીઓ જ વધારે જુએ છે! વળી, આવી સિરિયલો બનાવનારાઓમાં પણ મોટે ભાગે સ્ત્રીનિર્માતા જ હોય છે! ચેનલોમાં જે પ્રયોગ નક્કી કરનારાં છે એમાંય ઘણું ખરું ભણેલી ગણેલી સ્ત્રીઓ જ ખુરશી પર બેઠી હોય છે. અરે, એમાંની ઘણી સિરિયલો લખનારીયે સ્ત્રીઓ જ હોય છે! ૧૨ વર્ષની છોકરીને કેમ સતાવવીકે કેવી રિબાવવી એની એક વિશાળ લેબોરેટરી ચાલી રહી છે આપણા દેશમાં અને એ રિબામણીનું લાઈવ ટેલિકાસ્ટ રોજ રાત્રે આપણા ઘરોમાં ટીવી દ્વારા થાય છે. જ્યાં સુધી આપણે આવી રિગ્રેસિવ વાર્તાઓ જોવાનો વિકૃત આનંદ બંધ નહીં કરીએ ત્યાં સુધી રોજ કોઈને કોઈ અરૂણિમાને ધક્કા લાગતા જ રહેશે કારણ કે સ્ત્રીઓ પરના અત્યાચારો જોઈ જોઈને આપમી સંવેદનાની ધાર સાવ બુઠ્ઠી થઈ છે. અરૂણિમા જેવી કોઈ સ્ત્રીને ચાલુ ટ્રેને ફેંકવામાં આવે કે કોઈને જીવતી સળગાવવામાં આવે, આપણને કોઈ ફરક જ નથી પડતો. **સૂલી પર હૈ સેજ હમારી, સોવણ કિસ વિધ હોય?** *(મીરાં)*





રાપરગઢ તીર્થે ૧૨૦મા ધ્વજારોહણ પ્રસંગે સમસ્ત જ્ઞાતિને હાર્દિક વધામણાં..

**ABDASA (KACHCHH) GUASHALA TRUST**

**(Trust Regn. No.E-2071 - Kachchh • P.A. No.AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia)
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 Tel. : (02831) (952831) 273256



Mumbai Office : 602-B, Prem Nagar No.6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel.: 2893 6173 / 2890 4500

જ્યાં સુધી આપણે આપણાં સાહિત્યમાં, કોલમોમાં, ફિલ્મો-સિરિયલોમાં સ્ત્રીને આદર્શ કે સંસ્કારની મીણની પૂતળી તરીકે ચીતરતા રહીશું, આવા ધક્કા સ્ત્રીઓને રોજ રોજ લાગ્યા જ કરશે. જ્યાં લગી સ્ત્રીઓને ફિલ્મોનાં આઈટેમ ગીતોમાં ભોગ્યા કે રક્કાસા-છાપ મુજરો કરતી દેખાડશું ત્યાં સુધી પ્રજાને આવેગનાં ઈન્જેક્શન મળતા જ રહેશે. ફિલ્મો જોનારા, બનાવનારા, આપણે સૌ આ અરૂણિમા-કાંડમાં શામિલ છીએ.

આરે, સાત-આઠ વર્ષની નાની બેબીને આપણ એસ્ટેજ પર, ટેલેન્ટ કોન્ટેસ્ટમાં "બીડી જલાઈ લે" કે "શીલા કી જવાની" જેવાં ચાલુ ગીતો પર નચતાં નાચતાં ઈરોટિક ચાળા પાડતાં જોઈને આપણએ બેશરમની જેમ તાળીઓ પાડીએ છીએ, એ પણ સ્ત્રીજાતને એક અદશ્ય ધક્કો જ છેને? આપણે ઓછા પૈસાવાળા હોઈએ તો નાના ગામમાં ગર્ભપરીક્ષણ કરવા ડોક્ટરને પૈસા ખડાવીએ છીએ. બહુ પૈસાવાળા હોઈએ તો દુબઈ જઈ ગર્ભ ચકાસીને ત્યા ંજ ગર્ભપાત કરી લઈએ છીએ. આપણે તો જન્મતાં પહેલાં જ સ્ત્રીને ધક્કો મારી દઈએ છીએ! એક તરફ માતાજીનાં ગરબા કે સ્તુતિઓ ગાઈએ છીએ એની બીજી જ ઘડીએ સ્ત્રીને ઓબ્જેક્ટ કે વસ્તુ ગણીને ધિક્કારીએ અથવા લંપટની જેમ વખાણીને પંપાળીએ છીએ. આપણા સમાજના એક હાથ સ્ત્રીની આરતી ઉતારે છે અને બીજો હાથ પેલી અરૂણિમા જેવી અનેકોને ધક્કો આપે છે. ગમે કે ના ગમે પણ અરૂણિમાને અપાયેલો ધક્કો આપણે સૌએ આપ્યો છે.

એક કિસ્સો યાદ આવે છે. રશિયા પાસેના દાઘેસ્તાન પ્રદેશમાં કવિ અબુ તાલેબ એક મેળામાં જાય છે. એના પાડોશીએ એને મેળામાંથી ઝાડુ ખરીદવા માટે ૨૫ કોપેક (એટલે કે ત્યાંના ૨૫ રૂ.) આપેલા, પણ મેળામાંઝાડુ ૩૦ રૂ. નું મળે છે. કવિઝાડુવાળા સાથે ભાવની રકઝક કરે છે પણ પેલો એકપણ રૂ. ઓછો લેવા તૈયાર નથી. એવામાં એ મેળામાં એક સ્ત્રી સુંદર મજાનું ગીત ગાવા માડે છે, લોકો ગીતને માણવા માંડે છે, પણ એક દારૂડિયો એ ગાનારી સાથે સાથે પોતેય બેસૂરા અવાજમાં ગીત ગાયા કરે છે, લોકો ડિસ્ટર્બ થાય છે પણ ડરીને બોલતા નથી. કવિ અબુ તાલીબથી રહેવાતું નથી. એ પેલા ઝાડુવાળા પાસેથી ઝાડુ આંચકી લે છે ને દારૂડિયાને એ ઝાડુથી મારી મારીને ભગાડે છે, હવે કવિ પેલા ઝાડુવાળાને જ્યારે ઝાડુ પાછું આપે છે ત્યારે ઝાડુવાળો કહે છે, ના ભાઈ, હવે આ ઝાડુ મારું નથી રહ્યું, હવે એ તમારું છે કારણ કે તમે જ જાણો છો એક ઝાડુનો સાચો ઉપયોગ, એ ઝાડુવાળાને ખબર પડી કે ઝાડુનો સાચો ઉપયોગ પેલો કવિ કરી જાણે છે! આપણા સમાજ પાસે નથી એ જાડુવાળા જેટલી સમજ કે નથી કવિ આબુ તાલીબ જેવી હિંમત, કારણ કે હજી તો સમજમાંથી આપણે ઘણાંય જાળાં ખંખેરવાનાં બાકી છે. આપણાં ઘરોમાંથી, આપણાં મનમાંથી ઘણોય કચરો કાઢવાનો છે. ઘણાય દારૂડિયા પીને કે પીધા વિના આસપાસ આપણી અંદર કે આપણી આસપાસ ભટકી રહ્યા છે. કોઈક સ્ત્રી વિશે જૂનવાણી ખ્યાલોના નશામા છે, તો કોઈ પુરુષત્વના પોકળ મદમાં ઝૂમે છે. જ્યાં સુધી એ બધાની ઝાટકણી નહીં કરીએ ત્યાં સુધી અરૂણિમા જેવી છોકરીઓ ટ્રેનમાંથી ધક્કા પામીને કચડાતી જ રહેશે, આપણા સૌના અદશ્ય હાથોથી.

લેડીઝ એન્ડ જેન્ટલમેન, નારીદેહના શૃંગારશ્લોકો, સોળ વરસની કન્યાનાં શરીરનાં માપો, ફેશનની ટિપ્સ, વાનગીની રેસિપીથી વધીને ઘણુંય વાંચવા વિચારવા લખવાનું બાકી છે, સ્ત્રીઓ વિશે. પણ ખેર, ત્યા ંસુધી ચાલો મારતા રહીએ આપણે ધક્કા અનેક અરૂણિમાઓને. અને ટ્રેનો તો ચાલતી રહેશે, આગળ ને આગળ. ૧૨૧ કરોડની ભીડ જતી રહેશે, પાછળ ને પાછળ!

***– સંજય છેલ (દિવ્ય ભાસ્કરમાંથી સાભાર)***


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

## સદાબહાર ગીત પ્રકાશ : તૂ પ્યાર કા સાગર, હૈ તેહરી એક બુંદ કે પ્યાસે હમ...

*તૂ પ્યાર કા સાગર હૈ*
*તેહરી એક બુંદ કે પ્યાસે હમ*
*લૌટા જો દિયા તૂને*
*ચલે જાયેંગે જહાઁ સે હમ... તૂ પ્યાર.*

*ઘાયલ મન કા પાગલ પંછી*
*ઉડને કો બેકરાર*
*પંખ હૈ કોમલ આંખ હૈં ધૂંધલી*
*જાના હૈ સાગર પાર*
*અબ તૂહી ઈસે સમજા*
*રાહ ભૂલે થે કહાઁ સે હમ... તૂ પ્યાર.*

*કહીં ઝૂમ કે ગાયે ઝિન્દગી*
*ઉધર હૈ મૌત ખડી*
*કોઈ ક્યા જાને કહાઁ હૈ સીમા*
*ઉલઝન આન પડી*
*કાનોં મેં જરા કહ દે*
*કિ આયે કૌન દિશા સે હમ... તૂ પ્યાર.*


માણસને જીવવા માટે શું જોઈએ? શરીરને જેટલી જરૂર અન્ન, વસ્ત્ર અને આશ્રયની છે તેટલી જ જરૂર મનને પ્રેમ, સન્માન અને સ્વીકારની છે. તેના વગર જિંદગીનો અર્થ ચાલ્યો જાય છે, માનવીય ઋજુતા ને ઉષ્મા ખોવાઈ જાય છે અને જીવતોજાગતો માણસ હરતીફરતી લાશ થઈ જાય છે. એ લાશમાં ફરી પાછો પ્રાણ પૂરવો એ મડદાંને બેઠું કરવા જેટલું અઘરું કામ છે. આ કામ એક જ તત્ત્વ કરી શકે : કરુણા.

૧૯૫૫માં બનેલી ફિલ્મ “સીમા” કરુણાની આ શક્તિને બહુ સાચા અને સુંદર સ્વરૂપે રજૂ કરી શકી છે. તેનું “તૂ પ્યાર કા સાગર હૈ”, ગીત એક શ્રેષ્ઠ પ્રાર્થના તરીકે આજે પણ માનવીની ઘાયલ ચેતના પર એક શીતળ લેપ કરી જાય છે.

માબાપવિહોણી અને કાકા-કાકીનો તિસ્કાર વેઠતી ગૌર (નૂતન) અભાવો વચ્ચેય આનંદની થોડી ક્ષણો શોધી કાઢતાં શીખી ગઈ છે, પણ એક દિવસ બાંકેલાલ નામનો શખ્સ તેને ફસાવી તેના પર ચોરીનો આરોપ મૂકે છે. પોલીસ ગૌરીને પકડી એક અનાથાલયમાં મૂકી દે છે. હિંસક અને ઉગ્ર બની ગયેલી ગૌરી તોડફોડ કરે છે.


# હાર્દિક અભિનંદન

પાસ થયા


| | | |
|---|---|---|
| समता मिनल-प्रदिप खोना | मनाली चंदन-राजेन्द्र लोडाया | जीनेन ज्योति-विपुल मैशेरी |
| ગાંધીધામ (સાંધવ) | રાજુલા (નલિયા) | આદિપુર (સાંધાણ) |
| S.S.C. | 8th Std. | S.S.C. (CBSE) |
| 1st Class - 63% | 92% (1st in School) | C.G.P.A. - 10 (95%) |

* સ્વ. આણંદજી હિરજી ખોના પરિવાર - સાંધવ, હાલ ગાંધીધામ
* સ્વ. ઝવેરચંદ સાંગણ લોડાયા પરિવાર - નલીયા, હાલ રાજુલા
* શ્રી કિશોરભાઈ ગોવિંદજી મૈશેરી પરિવાર - સાંધાણ, હાલ આદિપુર

ભાગી જાય છે ને બાંકેલાલને ખૂબ મારી પાછી આવે છે. અનાથાલયના ભલા અને માયાળુ મેનેજર અશોક બાબુ (બલરાજ સહાની) બાંકેલાલને ખુલ્લો પાડી પોલીસને સોંપે છે. હવે ગૌરી મુક્ત છે, પણ તે અનાથાલયમાં જ રહેવા ઈચ્છે છે અને અનેક વળાંકો પછી પોતાના આરાધ્યદેવ સમા અશોકને પામે છે.

"સીમા" ફિલ્મનાં મન્ના ડેએ ગાયેલાં બે ગીત ગૌરીના જીવનમાં આવતા પરિવર્તનને અત્યંત સુંદર રીતે વ્યક્ત કરે છે. "તૂ પ્યાર કા સાગર હૈ" અનાથાલયમાં ગવાતી પ્રાર્થના છે. જે ત્યાં વસતી તમામ નિરાધાર બાળાઓને ઈશ્વરનો આશય ચીંધે છે. "કહાઁ જા રહા હૈ તૂ એ જાનેવાલે, અંધેરા હૈ મન કા દીયા તો જલા લે" ગીત ઉગ્રતાના કવચ નીચે છુપાયેલા ગૌરીના અસલી વ્યક્તિત્વને સ્પર્શે છે અને તેને પાછી વાળે છે. બન્ને ગીતો બલરાજ સહાની પર ફિલ્માવાયાં છે.

ફિલ્મ નાયિકાપ્રધાન છે. પ્રેમ ઝંખતી, તિરસ્કાર પામતી, સતત શોધાતી, હડધૂત થતી, ઉગ્ર અને વિદ્રોહી બની જતી, અનાથાલયમાં મૈત્રી-હમદર્દી પામતાં શાંત અને સૌમ્ય બની જતી અને ચૂપચાપ પ્રિયતમને ચાહ્યા-પૂજ્યા કરતી ગૌરીના પાત્રને અનેક રંગો ને પરમિાણો છે. નૂતને એ તમામ પરિમાણોને પોતાની સહજસુંદર અભિનયશૈલીથી શોભાવ્યાં છે. આ ફિલ્મ પાટે તેને ફિલ્મ ફેર બેસ્ટ એક્ટ્રેસ એવોર્ડ મળ્યો હતો.

"સીમા"ની કથા-પટકથા, દિગ્દર્શન અને નિર્માણ અમેય ચકવર્તીનાં હતાં. તેમને શ્રેષ્ઠ કથા માટેનો ફિલ્મફેર એવોર્ડ મુળ્યો હતો. "સીમા"નાં ગીતો શૈલેન્દ્રે લખ્યાં હતાં. સંગીત શંકર જયકિસનનું હતું. વેસ્ટર્ન બીટ અને ઓરકેસ્ટ્રાની તેમની આગવી શૈલી કરતાં જુદું સંગીત આ ફિલ્મમાં છે, કારણ એ હોઈ શકે કે શંકર જયકિસનની પહેલી ફિલ્મ "બરસાત" ૧૯૪૯માં બની અને "સીમા" ૧૯૫૫માં. તેમની કારકિર્દીનો આ શરૂઆતનો તબક્કો. ઓરકેસ્ટ્રાને તેની "ફીલર"ની ભૂમિકામાંથી કાઢી ગીતના અર્થ અને ભાવને નવું પરિમાણ આપતાં ઘટક તરીકે યોજવાની તેમની શૈલીએ પોતાનો અસલી પ્રભાવ એ પછી ધારણ કર્યો, પણ "સીમા"નાં આ બે અને "મનમોહના બડે જૂઠે", "સૂનો છોટી સી ગુડિયા કી લંબી કહાની", "બાત બાત મેં રૂઠો ના" જેવાં ગીતોમાં તેમની શાસ્ત્રીય સંગીતની સૂઝ અને અવિસ્મરણીય મધુર સૂરાવલીઓનો જાદૂ તો છે જ.

મન્ના ડેનો જન્મદિન ૧ મેએ ગયો. આ દિગ્ગજ ગાયકે બલરાજ સહાની માટે "એ મેરી ઝોહરા જબી" જેવું હળવું રોમેન્ટિક ગીત પણ ગાયુ ંહતું અને બલરાજ સહાનીએ એવા જ ઉમળકાથી તેને રૂપેરી પડદે રજૂ કર્યું હતું. તેઓ જન્મજાત નબશિખ કલાકાર હતા. ગંભીર પ્રભાવશાળી ચરિત્ર ભૂમિકાઓમાં શ્રેષ્ઠ અભિનય આપનાર બલરાજ સહાની એટલી જ સ્વાભાવિકતાથી હળવાશ અને રોમાન્સ પણ રજૂ કરી શકતા. "બાબુલ કી દુઆએં લેતી જા"માં વિદયા લેતી દીકરીના ભાંગી ગયેલા બાપ જેટલી જ સહજતાથી "મંઝીલ વહી હૈ પ્યાર કી રાહી બદલ ગયે"ની ઊર્મિશીલતા બતાવી શકે. આ આખા ગીતમાં તેવો બેઠેલા છે, પિયાનો વગાડે છે. તેમના ચહેરા પર છલકતા પ્રણયના ઉજાસ અને ઉલ્લાસ એટલા સાચા લાગે છે કે જોનાર કદી ભૂલી ન જાય આવા જ અવિસ્મરણીય "સીમા"ના અશોકબાબુ પણ છે.

આપણે દયા અને કરુણામાં રહેલો ભેદ બહુ સમજતા નથી. અંગ્રેજીમાં પીટી, સિમ્પથી અને કમ્પેશન એવા ત્રણ શબ્દો છે. બાઈબલ કહે છે, "કમ્પેશન (કરુણા) એટલે જેઓ પોતાના માટે બોલી શકતા નથી તેમના માટે બોલવું તે" અને "બીજાની પીડા સમજવી અને મદદ માટે તત્પર હોવું તે." લેખક ફ્રેડરિક બુકનેર કહે છે, "કરુણા એટલે બીજાનાં દર્દને જીવવાની ક્ષમતા. જ્યાં સુધી તેને શાંતિ નથી. આનંદ નથી ત્યા ંસુધી હું પણ શાંતિ કે આનંદ અનુભવી ન શકું તેવી પ્રબળ સંવેદના એટલે કરુણા." ભગાવન બુદ્ધે કરુણાને તેમના ચાર આર્યસત્યોમાં પ્રેમ પછીનું સ્થાન આપ્યું છે. ખરું જોતા કરુણા પ્રેમનું એક રૂપ છે. માનવતાનો એક એવો આર્દ્ર ચહેરો છે, જે તેના ધારણ કરનારને પણ ધન્ય અને સમર્થ બનાવે છે કરુણા વ્યક્તિ અને સમાજ બન્નેને ઉચ્ચતમ કક્ષાએ પહોંચાડે છે. યહુદી ગ્રંથોમાં કહેવાયું છે કે "દયા બીજાને આપે છે. કરુણા બીજાને "બીજો" સમજતી નથી." ગાંધી અને મહાવીરની અહિંસા એ વાસ્તવમાં કરુણા જ છે. પ્રેમ અને કરૂણા આ બંને એવી જાદુઈ શક્તિઓ છે, જે જડતાવે જીવંતતામાં પરિવર્તિત કરી શકે. "સીમા" ફિલ્મનું આ જ હાર્દ છે. જીવનનું પણ આ જ હાર્દ નથી શું?

***રસાસ્વાદ : સોનલ પરીખ***

***"જન્મભૂમિ" માંથી સાભાર***


**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

**CONQUEST OF FEAR**

Our fears are deeply rooted in our sub-conscious mind. When one has such a hidden fear, he will withdraw himself from normal activity; he will have unexplained tension and a feeling of anxiety. Here are some hints to conquer fear;

1. repeatedly do the thing you fear most until you do not fear it any longer

2. laugh at fear make fun of it.

3. depend on the law of averages. Most of the things we fear never happens at all. So practice to think positively.

4. learn all that is to know about whatever is frightening you most. It you learn everything about what you fear, fear will vanish from you.

5. pray to God with deep faith in Him. Repeat in your mind, "If God is with me Who can be against me"

6. frequently practise to form a picture in the mind of the opposite of what you fear to happen.

**Proverbs are lamps to life**

The gem cannot be polished without friction, nor man perfected without trials.

You have to do your own growing, no matter how tall your grandfather was.

One desire conquered is better than one thousand desires fulfilled.

***Abraham Lincoln***

**Amazing facts**

Measuring 935 feet from Dixerence river bed to upper rim, the Grand Dixerence Dam in Switzerland is as high as Chrysler Building in Newyork city In America. It is one of the tallest dams in the world.

• Grand Hyatt Shanghai- the world's highest hotel- has come up in Shangai in China. The 5-star hotel occupies the top 35 floors of the 88 story Jinmao Tower, 421 metres in height.

• Thailand in South-east Asia has ressurected Camelot, a 700- year old city here free enterprise flourished. Commoners had only to strike the palace bell to meet the king.

**Amazing figures**

More than 1,00,000 people were killed and over 2 million made homeless by an

earthquake which flattened the Japanese capital city of Tokyo on September 1st, 1923.

*In las vegas, gambling is on for 24 hours a day throughout the year. only on New year eve, it stops for 1/2 minute at midnight.

* a female mosquito can produce 1,50,000,000 offsprings a year.

**By the bye**

The beauty of the house is order ,
The blessing of the house is contentment,
The glory of the house is hospitality,
The crown of the house is Godliness

**Word power.**

This weeks's word is ` freely flourished enterprise'. Make as many smaller words as possible from the set of words and send to Mrs. Neelam Dalesh Momaya. The longest list wins the prize last week's prize goes to SMEET HITENDRA GOSAR, FROM WADALA FOR HIS 598 WORDS. CONGRATULATIONS-SMEET. THIS WEEK'S PRIZE GOES TO MRS MANISHA S. SHAH FROM COIMBATORE. CONGRATULATIONS MANISHA BHABHI. FOR HER 501 WORDS.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે
૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## કાવ્ય પ્રકાશ : કડી (તેલુગુ કવિતા)

– કે. શિવા રેડ્ડી અનુ. નલિની માડગાંવકર

*વર્તમાન*
*ઉચ્ચારિત કે અનુચ્ચારિત*
*શબ્દ વગરનો હોય કે ખરાબ શબ્દોનો*
*એનાથી કાંઈ ફરક પડતો નથી*

*વર્તમાન અર્થપૂર્ણ છે*
*એ મારી અને દુનિયા વચ્ચેની કડી છે*
*અભિવ્યક્તિઓ દ્વારા હું ખુદને જ જાણું છું*
*બનાવવું અને તોડવું*
*બધું જ ત્યાં એક સાથે રહ્યું છે*
*તૂટેલી સડક હજારો હારબંધ ખટારાઓમાં લદાયેલી છે*
*ભેગી કરેલી અભિવ્યક્તિઓ*
*ચાલકની સાથે એક જ ગતિમાં રહે છે.*
*એ જ વર્તમાન છે.*
*એક વ્યક્તિ પહાડોને અવાજોની*
*અભિવ્યક્તિથી ઉડાવી દે છે.*
*બીજી વ્યક્તિ એક એક ઝલકથી*
*પુષ્પો સાથે સંવાદ સાધે છે*
*ત્રીજી વ્યક્તિ પ્રેમને ઉજળો બનાવે છે*
*સૌમ્ય હોઠોની તૃપ્તિથી*
*હું વર્તમાનને બાંધીશ*
*ઉચ્ચારિત કે અનુચ્ચારિત*
*વર્તમાન અર્થ જાળવે છે*
*એ મારી અને દુનિયા વચ્ચેની મુખ્ય કડી છે.*

કેટલીક કવિતાઓ મુઠ્ઠીમાં છુપાવેલા મણિ જેવી હોય છે તો કેટલીક કવિતાઓ નિખાલસતાથી જે કંઈ કહેવું હોય તે "હસ્તામલકવત્" રહીને આનંદ આપતી હોય છે. આ બંને પ્રકારની કવિતા સહૃદયને ગમે છે. સાચી કવિતા પણ પોતે જ હૃદયને સભર કરતી હોય છે. કે શિવા રેડ્ડી જેવા તેલુગુ ભાષાના કવિ કાવ્ય સૌન્દર્યને એની વ્યંજનાને સહજ પ્રગટ કરનાર કવિ નથી. એમની કવિતાના મર્મને પામવા રચનાનું સાન્નિધ્ય કેળવવું અનિવાર્ય બની જાય છે.

સમયમાં બંધનોમાંથી મુક્ત થવા માટે આપણે જેટલાં વલખાં મારીએ છીએ તેટલાં વધુ ને વધુ ગૂંચવાતાં જઈએ છીએ. જેટલું સમયની પાછળ દોડીએ તેટલું ક્ષિતિજની જેમ સમય પોતાનું અંતર વધારતો જ જાય છે. તેથી સમયના કોઈ પણ અંશ વિષે કોઈ પણ અવસ્થા વિષે લખવું અઘરું છે. આ કવિએ એ પડકારને ઝીલ્યો છે. અર્થના પરિઘનો વિસ્તાર સાધીને કેન્દ્રના મહિમાને વધારી દીધો છે. અનુભૂતિ અને અભિવ્યક્તિના બંને કિનારાને કવિએ સ્પર્શ્યા છે. સમયની ગરિમા જાળવીને એના વર્ચસ્વને સ્વીકાર્યું છે. ગંભીર કવિતા પણ મનને પ્રસન્ન કરનારી બની શકે છે એની ફરી એકવાર પ્રતીતિ આ કવિતા દ્વારા મળે છે.

સવારે ઊઠીને સહુથી પહેલું કામ... એક નવો નક્કોર દિવસ આપવા બદલ ઈશ્વરનો આભાર માનવાનું છે. સવાર તાજગીપૂર્ણ જોમ આપનારી છે. જોતજોતામાં કલાક, મિનિટ અને એક એક પળમાં સચવાયેલો દિવસ આપણા હાથમાંથી સરી જાય છે ત્યારે માણસ અકળાય છે. આ કવિતામાં પ્રચ્છન્ન ભવિષ્ય અને ખોઈ નાખેલી અતીતની લીલાને બાજુએ મૂકીને કવિ વર્તમાન તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે. સાચવવા જેવી તો આ પળ જ છે, એની વાત કરતાં કવિ કાળની પરિભાષા જ નહીં, એની વ્યક્ત - અવ્યકત વાણીનો પણ પરિચય આપે છે.

વર્તમાન જે કોઈ રૂપમાં આવે; ઉચ્ચારિત કે અનુચ્ચારિત, સારા શબ્દોથી સભર કે ખરાબ શબ્દોનો પણ, એને કવિ ચાહી શકે છે. કારણ એ વ્યક્તિને વિશ્વ સાથે જોડનારી કડી છે. એ કડી કેટલી કાર્યક્ષમ છે એનો આધાર વ્યક્તિ પર રહેલો છે છતાં એ સ્વને સર્વ સાથે જોડનારી કડી છે. આટલી સમજણ મેળવવા માટે પણ અનુભૂતિનાં કેટકેટલાં સ્તરને ઉથલાવવાં પડે છે. આ સભાનતા મેળવ્યા પછી કવિ અભિવ્યક્તિનાં પ્રગટ રૂપ તરફ વળે છે. અભિવ્યક્તિ ખુદ માનવીને સ્વને જાણવાની એક પારાશીશી આપતી હોય છે. અભિવ્યક્તિ સાથે સર્જન-વિસર્જનના બંને છેડા સંકળાયેલા છે. અહીં કવિ પોતાની અનુભૂતિને જ મૂલ્યોની સરાણ પર ચડાવે છે. કોઈ પણ કાર્યની સફળતા અને નિષ્ફળતા સાથ`અભિવ્યક્તિની તરાહ જોડાયેલી છે. પ્રક્રિયાનાં જ વિવિધ રૂપો છે. જે સડક એક પરંપરા બનીને અનેકને આ પારથી પેલે પાર જવાની, ગતિશીલ બનવાની પ્રેરણા આપતી હોય એને પણ ક્યારેક તૂટવું પડે છે. અહીં પણ ઘડ-ભાંગની પ્રક્રિયાનું સાતત્ય છે અને એ સાતત્ય વર્તમાનની દરેક ક્ષણ સાથે જોડાયેલું છે. શરત એટલી જ છે કે એ ક્ષણ અતીત બને એ પહેલાં આપણએ એને સમજીને આનંદ માણવાનો છે.

***"આજનો લ્હાવો લિજિયે રે કાલ કોણે દીઠી છે"?*** ભલે આ પંક્તિ જુદા સંદર્ભમાં આપી હોય છતાં એ માણસને મળેલા ચંચળ સમયનો અને તેની ક્ષણ ભંગુરતાનો સંકેત આપી જાય છે. અહીં ચાલકની ગતિ સાથે સમાંતર ભાવે વહેતું જીવન છે.

*(અનુસંધાન ૧૮મા પાને)*

# ચિંતન-પ્રકાશ : મારું હૃદય મારું ઘર છે

હું મારા મનને મારું ઘરમંદિર માનું છું એટલે મારે મારા દિલ સાથે એક નોખો-અનોખો નાતો બંધાઈ ગયો છે. હું જ્યાં પણ રહું ત્યાં મારું સાથી-સંગાથી મારું હૃદય સાથે જ હોય છે, જ્યારે આપણે પોતાની જાતને પ્યાર કરીએ છીએ. આપણને લાગે છે કે આપણને સલામત અને સગવડભર્યું રહેણાક મળી ગયું છે. આપણું ઘર આપણા મનનું પ્રતિબિંબ છે અને લાગે છે આપણા લાયક આપણું ઘર છે. જો તમને લાગે કે તમારું ઘર ઘટના નથી, પણ દુર્ઘટના છે તો તમે એકદા રૂમનો એક સરસ સખૂણો પસંદ કરી અને જેમ તમે તમારા મન સાથે મનમેળ રાખો છો એવી જ રીતે ત્યાં બેસીને એક વખતે એક જ વિચાર કરજો. વિચારોની વણઝારમાં અટવાતા નહીં. ધીરેધીરે ઘરસાફસૂથરું અને વ્યવસ્થિત લાગવા માંડશે. ઘરને સાફસૂફ કરો ત્યારે સાથે સાથે મનના મેલને પણ ધોતા રહેજો. જીવન જીવવા જેવું લાગશે.

મનુષ્ય દુનિયા બદલી નાખે છે, પણ પોતાને બદલાવાનું વિજ્ઞાન શીખતો નથી. આ વિજ્ઞાનનો પાયો એ છે કે આપણે ખુદને પ્રેમ કરવો જોઈએ. પોતાને પ્રેમ કરવાનો અર્થ એ નથી કે તમે તમારા કુટુંબને, સ્નેહીજનોને, મિત્રોને અને સબંધીઓને ચાહો નહીં. કોઈને એમ ન લાગવું જોઈએ કે તમે તમારા પ્રેમમાં છો અને તમને બીજાનાં સુખ-દુઃખની પડી નથી. જાતને ચાહવી એ ઈમારતનો પાયો છે અને તેના પર જગતને ચાહવાની ઈમારત ઉભી કરવાની છે.

માણસનો આત્મા પરમ પરમાત્માંથી છૂટો પડેલો સ્ફુલિંગ છે. બ્રહ્મનો અંશ છે. આત્માં પરમાત્માનો વાસ છે માટે કોઈના ચડાવવાથી ખાસ કારણ વગર કર્મ, ધર્મ કે દેશકાળ માટે આત્મહત્યા ન કરાય. કારણકે સૌપ્રથમ તો તમે તમારી જાતને પ્રેમ કરો છો પછી ઉપરની વસ્તુઓ આવે છે. જે વ્યક્તિ પોતાના આત્માને ગુમાવી દે છે એટલે કે આત્મતત્ત્વ સાથે કોઈ ઓળખાણ રાખતો નથી એ વ્યક્તિ સમગ્ર વિશ્વને પ્રાપ્ત કરી લે તોપણ કોઈ ફાયદો નથી.

ચિંતક વિક્ટર હ્યુગોએ સરસ વાત કરી છે કે સમુદ્રોથી એક વસ્તુ મોટી છે અને તે છે આકાશ, પણ આકાશથી પણ મોટી એક વસ્તુ છે અને તે છે આપણો આત્મા. આત્મા સો પરમાત્મા. પોતાની જાત સાથેની વાત પછી આત્મા સાથેની ઓળખાણ અને એમાંથી પ્રકટતો પ્રેમ એક એક નવી જીવનશૈલી છે. આપણે એ પરમાત્માના અંશ હોઈએ તો આનંદમય, પ્રેમમય, સુખમય, સ્નેહમય અને હર્ષમય રહેવું એ આપણને વારસામાં મળ્યું છે. શા માટે આ વિરાસતને બાજુ પર મૂકીને ખોટી આળપંપાળમાં અટવાયા કરવું? અનુભવ પ્રેમનો કરો અને પછી આ પંક્તિઓ ગાવા માંડજો :

***બિખરતા ગયા મૈં નિખરતા ગયા મૈં,***<br>
***ન જાને કિધર સે કિધર આ ગયા મૈં...***<br>
***ઉલઝતા ગયા મૈં સુલઝતા ગયા મૈં,***<br>
***ન જાને કિધર સે કિધર આ ગયા મૈં...***

સારું સ્વાસ્થ્ય એ મારો દૈવી અધિકાર છે વિશ્વમાં આવેલી તમામ પ્રકારની સ્વાસ્થ્યપ્રદ ઊર્જા હું પ્રતિક્ષણે મારામાં શ્વસું છું અને સ્વીકારતો જાઉં છું. મને એટલી જાણ કે શરીરનો દરેક અણુ સક્રિય હોય છે અને પોતાને કેવી રીતે દુરસ્ત કરવો તેની એને ખબર હોય છે. મારું શરીર સંપૂર્ણ તંદુરસ્તી માટે અવિરત કાર્યરત હોય છે. મારા સંપુર્ણ સાજા રહેવાના ધ્યેય સાથે હું તમામ અડચણો અળગી કરું છું. મને પોષણક્ષમ આહારની ખબર છે એટલે આવા આરોગ્યપ્રદ સંપૂર્ણ ખોરાકને હું પ્રાધાન્ય આપું છું.

હું મારા વિચારતંત્ર પર તકેદારી રાખું છું અને મનદુરસ્ત ચિંતન કરું છું. હું બિચારાપણાના વિચારોને, ભયને ક્રોધને, ઈર્ષ્યાને, શરમાળુંપણાને, અપરાધ ભાવનાને અને ધિક્કારને હું ધક્કો મારું છું. જાકારો આપું છું અને ભૂંસી નાખું છું. જે લોકોએ મને ક્યારેક દૂભવ્યો છે તે બધાને હું જતા કરું છું. અરે, મારી જાતને પણ પહેલાં ચાહી ન હતી તે માટે અને કોઈને દુઃખ પહોંચાડયું હોય તો તે માટે હું મારી જાતને પણ માફ કરી દઉં છું.

હું જેટલો મારા માંહ્યલાને ચાહું છું એટલું જ મારા શરીરને પણ ચાહું છું. હું મારા અંગેઅંગને આત્મીયતાથી આરાધું છું, ચાહું છું અને માનું છું કે અત્યાર સુધી મારી તંદુરસ્તી સારી રહી તેને માટે મારું શરીર ધન્યવાદને પાત્ર છે. હું અબઘડીએ જ સાજા થવાની શરીરની ક્ષમતાને, તંદુરસ્તીને સ્વીકારું છું. હું જેમ છું તેવી રીતે જ મારું શરીર પણ સુશાંત, તંદુરસ્ત અને આનંદમય છે.

સૂક્ષ્મ શરીર અને સ્થૂળ શરીર બન્ને એક આંતરિક ઊર્જા અને જ્યોતિપુંજ સાં જીવરસથી ધબકતાં હોય છે. શરીર ધર્મનું સાધન છે અને પોતાને ખુદની માવજતનો ખ્યાલ હોય છે. શરીરમાં જીવનની શાશ્વત શક્તિ ભરી છે અને તે વહેતી જ રહે છે. આપણામાં ઘણું બધું અજાગ્રતપણે સક્રિય હોય છે.

મન, આત્મા, આંતરમન, આંતરશક્તિ અને પંચતત્ત્વો... આપણે નિદ્રામાં હોઈએ ત્યારે પણ અવિરત કાર્યરત હોય છે. આ બધાની ઉપર આપણા માની લીધેલા ભય, ક્રોધ, ઈર્ષ્યા, અપરાધભાવ વગેરેનું આવરણ હોય છે. એકવાર આ આવરણ હટી જાય અને આપણે તકેદારી રાખતા થઈ જઈએ તો પડદાઓ હટી જાય છે.

મન પર ચડેલા મેલને ધોઈ નાખવા માટે ક્ષમા, ધીરજ, સંતોષ અને આંતરિક આનંદ હોવાં જરૂરી છે. મનની સ્લેટ પર અંકાયેલ તમામ આળપંપાળ ભૂંસી નાખો તો નિર્મળ મન તમને રોગમુક્ત કરીને યોગયુક્ત બનાવશે. ગીતામાં ભગવાને કહ્યું છે કે "યોગઃ કર્મષુ કૌશલમ્" આમ કર્મમાં અને કર્મફળમાં કુશળતા આવતી જશે અને તમે પોતાની જાતને ચાહવા લાગશો.

નવીન સાંત્વના અને અમૂર્ત આત્મશક્તિનો સંચાર તમને સવિકલ્પ સમાધિ સુધી લઈ જશે અને ત્યાર પછી ઉચ્ચ દૈવીશક્તિ સાથેનો તાર મળતાં જ તમે આપોઆપ નિર્વિકલ્પ સમાધિના સ્તરે પહોંચી જશો. મન અને તન બન્ને સજાગ, સક્રિય, સુશાંત અને સુચારૂ બનવા માંડશે ત્યારે તમને તમારાં દરેક કાર્યમાં આનંદનો અવિર્ભાવ વર્તાશે.

મનની મલિનતા રોગ છે અને પ્રસન્નતા એ આરોગ્ય છે એ વાતનો હંમેશાં ખ્યાલ રાખીએ તો બનતી ઘટનાઓ તમને અસર નહીં કરે.

**– *સંકલન***

---

### *ટૂંકી વાર્તા (પાના નં.૨૬થી ચાલુ)*

ફરી મને મારી મા યાદ આવી. અમે મોટાં થયાં, તોયે એનું કર્તવ્ય કર્યા પુરું થયેલું? પરીક્ષા અમારી, પણ સાથે જ માની પણ. અમારી ખાવાપીવાની, ઊઠવા-ઊંઘવાની વિશેષ કાળજી ત્યારે તેણે જ રાખવાની. રાતે મોડે સુધી વાંચીએ ત્યારે મધરાતે ઊઠીને ચા એ જ બનાવી આપે. એલાર્મ રાખીને સૂઈએ, પણ એલાર્મ સાંભળીને ઊઠીએ નહીં, ત્યારે મા જ એલાર્મથી જાગીને અમને પ્રેમથી માથે હાથ ફેરવી ઊઠાડી જાય. અમારા કોઈ વાંક માટે સાંભળવાનું એને જ, મને યાદ છે, મારો નાનો ભાઈ એક વાર નાપાસ થયો, તો ડેડીએ ઊકળાટ મા ઉપર ઠાલવ્યોઃ "તું શું કરે છે ? છોકરાં ઉપર ધ્યાન પણ નથી શકતી? રખડ્યા કરે છે કે ભણે છે, તેનું ધ્યાન મા ન રાખે તો કોણ રાખે? અમે તો આખો દિવસ બહાર હોઈએ!"

મસોતું ને મા, બંનેમાં શો ફરક? ભાતમાંનું પાણી નીતારતાં, શાક લાવતી લખતે તાંસળું પકડતાં, ઘડી-ઘડી હાથ લૂછતાં મસોતું જોઈએ જ. મસોતા વિના ન ચાલે. મા વિના પણ ન ચાલે, છતાં માનું સ્થાન મસોતા બરોબરનું જ ?!!

***(કુપ્પીલી પદ્માની તેલુગુ વાર્તા પરથી)***

### અનંત આરોગ્ય નિધિનું સરનામું બદલાયું

અનંત આરોગ્ય નિધિની ઓફિસ ધરમશી સિક્યોરીઝ પ્રા.લી. ૨-બી, ગ્રીસ હાઉસ, ઝકરીયાબંદર રોડ, શિવડી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૫ થી બદલાઈને **ક્વેસ્ટ** (Quest) ૧૦૭૩, રાજાભાઉ દેસાઈ માર્ગ, બીઉ મોંડે Beau Monde ટૉવરની પાછળ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૨૫. ટેલિ. 022-2439 4444, ફેક્સ 022 2439 4315 છે.

### *કાવ્ય પ્રકાશ (૧૬મા પાનાથી ચાલુ)*

ત્રણ પ્રકારના માનવીનાં દૃષ્ટાન્ત છે. એક વ્યક્તિ સમસ્યાના પહાડોને પડકારની અભિવ્યક્તિથી ઉઠાવે છે. મનોબળની પ્રતીતિ કરાવનાર આ માનવી છે. બીજો સૌન્દર્યલક્ષિતા જાળવનારો છે. જેની અભિવ્યક્તિ પુષ્પોની માર્દવતા સાથે સંવાદિતા સાધનારી છે. જ્યારે ત્રીજો માનવી પ્રેમની પરિતૃપ્તિ સૌમ્ય હોઠોથી દર્શાવે છે. કાંતો વાણીથી કે કાંતો સ્પર્શથી.

કાવ્યને અંતે પ્રારંભની પંક્તિઓ થોડાક ફેરફાર સાથે ફરી પ્રગટ થઈ છે. એ પંક્તિઓમાં જાણે કવિનો અર્થાત્ કાવ્યનાયકનો સંકલ્પ પ્રગટે છે. જે અર્થ જાળવનાર વર્તમાનને બાંધે છે. એના રૂપને સમજી જીવનના અર્થને વ્યક્ત કરવાની એની શક્તિને ઓળખે છે. તે સંકલ્પ જ માણસને કાળજયી બનાવે છે. સમગ્ર કાવ્યમાં "હું" શબ્દનો સવિશેષ, સહેતુક પ્રયોગ છે. અહીં માણસના અહંકારનો હુંકાર નથી એની નિષ્ઠાનો ધ્વનિ-પ્રતિધ્વનિ છે. વર્તમાનને જોવાની એક વિશેષ દૃષ્ટિ આ કાવ્યમાં પ્રતિબિંબિત થઈ છે.

આ કવિતા જેમ વહેતા ઝરણાનું ગતિસૌન્દર્ય દર્શાવનારી છે તેમ એમાં માનવશક્તિના ધોધની પ્રચંડ ગર્જના પણ છે.સૌમ્ય-રૌદ્ર બંને કિનારાને સ્પર્શી વળી પાછી કાળનો મહિમા ગાતી વર્તમાનની-સાંપ્રત ક્ષણની લીલાનો સંકેત આપતી આ કવિતા છે. ઘાસની ટોચે ટગમગતું ઝાકળબિંદુ જો સાચવીને હથેળીમાં ઉતારવું હોય એવી સાવધાનીથી કવિએ વર્તમાનની ક્ષણને સાચવી છે. બજાણિયાની જેમ સમતુલા જાળવી અતીત અને અનાગત પર ઢળ્યા વગર ઝૂલતા વર્તમાન પર સાવધાનીથી દૃઢ પગલાં માંડી આગળ વધતા માનવીની આ સંકલ્પ લીલા છે. કાળની શૃંખલામાં માણસ પોતે જ એક મહત્ત્વની કડી જેવો છે. તેની પ્રતીતિ આ કવિતામાં થાય છે.

## કચ્છરાજ્યનું ચલણ–કોરી

*- રાયસિંહજી કાનજી રાઠોડ*

કોરી કચ્છનો ચલણી સિક્કો છે. કચ્છ દરબારની ટંકશાળમાં તે છપાય છે. તેનું વજન ૬૦ ગ્રેઈન છે. તેની કિંમતનો આધાર બજારભાવ ઉપર છે. ચાલુ ભાવમાં તેની કિંમત લગભગ ચાર આના બરાબર થાય છે. કચ્છમાં હિસાબ રૂ. આ.પા.થી નતી થતો પણ કોરી અને દોકડામાં થાય છે. પશ્ચિમ હિંદના દેશી રાજ્યોમાં કચ્છે જ પોતાનો સિક્કો ચાર સદીથી કાયમ રાખ્યો છે. કોરીની ઉત્પત્તિની કથા રસિક છે.

કચ્છના રાવ શ્રી ભારમલ્લજીને જહાંગીર બાદશાહનું અમદાવાદથી તેડું આવ્યું. કચ્છને ચારે બાજુએ વિંટળાઈ વળેલા દરિયાએ તથા રણના ખારા પાણીએ કેટલાયે મોગલ સેનાપતિઓને હતાશ કરી મૂક્યા હતા. કચ્છ જીતવાના બાદશાહના કોડ અધુરા રહ્યા. હવે તો રાવ સાથે સંધિ કરવામાં બાદશાહનું ગૌરવ હતું. રાવને પણ આ મોકો જતો કરવો ઉચિત ન લાગ્યો. રા'એ અમદાવાદના પાદરે પડાવ નાંખ્યો. બીજે દિવસે કચેરીમાં જઈ તેણે એક થાળ સોનામહોર અને પાંચસો કચ્છી ઘોડા બાદશાહને ભેટ ધર્યા અને કચ્છના કોઈ પણ બંદરેથી હાજીઓ મકકે હજ પડવા જાય તેમને મફ્ત ત્યાં પહોંચાડી દેવાનું કબૂલ કર્યું. બાદશાહ ખુશ થયા ને કચ્છને મિત્રરાજ્ય તરીકે કબુલ્યું. આ પ્રસંગની યાદગારીમાં રા'એ ચાંદીનો સિક્કો પાડ્યો તેનું નામ "કુંવરી". શહેનશાહે પૂછાવ્યું કે સિક્કાનું નામ "કુંવરી" કેમ? રા"એ ખુલાસો કર્યો કે તમારો સિક્કો મોટો એટલે રૂબાબ "કુંવર" જેવો, અમારો સિક્કો નાનો એટલે "કુંવરી".

આ "કુંવરી"નું અપભ્રંશ કોરી થયું. કોરીની એક બાજુ પર રાવનું નામ તથા બીજી તરફ મોગલ શહેનશાહનું નામ લખાતું. આ શિરસ્તો મહારાવ દેશળજીના સમય સુધી ચાલ્યો. કચ્છ બ્રિટિશ સલ્તનત નીચે આવ્યા પછી કોરીની એક તરફ મહારાઓનું નામ તથા વિક્રમ સંવત અને બીજી બાજુએ હિંદના શહેનશાહનું નામ તથા ઈસ્વીસન લખાય છે.

આ સાથે આપેલા ચિત્રમાં ડાબી બાજુ જૂની કોરી અને જમણી તરફ નવી કોરીઓની બંને બાજુઓ દર્શાવેલી છે. જૂની કોરી મહારાવ દેશળજીના સમયની છે. તેની એક બાજુએ રાઓશ્રી દેશળજીનું નામ તથા સવંત ૧૯૦૯ છે અને ઉપર ત્રિશુળ છે. બીજી બાજુએ દિલ્હીના ગાદીપતિ છેલ્લામોગલ બાદશાહ બહાદુરશાહનું નામ છે.ઉર્દુ અક્ષરમાં ત્રણ લીટી છે. ઉપરની લીટીમાં બાદશાહ ગાઝી (એટલેકે સમ્રાટ બહાદુર) એમ લખેલું છે. તેમાં "બા" છપાએલો નથી. બીજી લીટીમાં બહાદુરશાહનું નામ છે. ત્રીજી લીટીમાં ભૂજ લખેલું છે. પણ સ્થળસંકોચને લઈને પૂરૂં છપાયું નથી. મહારાવશ્રી દેશળજી હાલના મહારાવશ્રી ખેંગારજીના પિતામહ થાય.

નવી કોરી વિદ્યમાન મહારાવશ્રી ખેંગારજીના નામની છે. તેમાં એક તરફ મહારાવશ્રી ખેંગારજી એમ ગોળાકારમાં લખ્યું છે. વચ્ચેના નાના વર્તુળમાં સૌથી ઉપર ચંદ્ર છે, તે કચ્છના રા'ચંદ્રવશી છે એમ બતાવે છે; તથા ત્રિશુળનું ચિન્હ છે તે શક્તિપૂજાની નિશાની તરીકે છે. કચ્છ રાજકુળની કુળદેવી આશાપૂરાનું એ ચિન્હ છે અને પડખેની અણિયાળી કટાર ક્ષત્રિયોના પુરૂષાર્થમાં સહાયરૂપ હથિયારનું સૂચન કરે છે. નીચે સંવત ૧૯૮૯ લખેલું છે. બીજી તરફ ગોળાકારમાં જ્યોર્જ, કૈસરે હિંદ ૧૯૩૩ ઝરબ (=ટંકશાળ) ભૂજ એમ લખેલું છે.

***(પ્રકાશના જુના આઝાદી પહેલાના અંકમાં કુમારમાંથી સાભાર લેવાયેલ સામગ્રી)***

## કચ્છી શબ્દકોશ તૈયાર કરવા નિર્ણય

કચ્છી ભાષાના લખાણમાં એકવાક્યતા લાવવા બૃહદ કચ્છી ભાષાના શબ્દકોશનું કામ શરૂ કરવાનો કચ્છ યુનિવર્સિટીની કચ્છી ચેર અને ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશનના ઉપક્રમે ૨૮ મેના આયોજિત બેઠકમાં નિર્ણય લેવાયો હતો.

કચ્છી ચેરના ઉપપ્રમુખ ડો. દર્શનાબેન ધોળકિયા, સભ્ય મુકેશભાઈ ઝવેરી, જયંત માધાપરિયા, ડાયરેક્ટર બાબુલાલ ગોર તેમજ રિસર્ચ આસિસ્ટન્ટ નીતા જોશી, પૂજા કશ્યપ સોની તરફથી એવું જાહેર કરવામાં આવ્યું હતું કે, ડો. કાંતિભાઈ ગોરના વડપણ હેઠળ એક સમિતિની રચના કરાય અને આ કાર્ય તુરંત આરંભ કરી દેવાશે.

આ ઉપરાંત જયંતીભાઈ જોશી "શબાબ", મદનકુમાર અંજારિયા, વ્રજ ગજંકધ, રસિક મામતોરા, ધનજીભાઈ ભાનુશાલી "કડક બંગાલી", કનુભાઈ જોશી, ઉમરશી પરમાર, ચંદ્રવદન મહેતા "સારસ" વગેરેએ વિભિન્ન સૂચનો કર્યા હતા.

બેઠકમાં પ્રેમજીભાઈ ભાટી, રેશ્માબેન એમ. ઝવેરી, મંજુલાબેન વોરા, હિનાબેન બક્ષી, હિનાબેન શાહ, ડો. દક્ષા ગોર, હિનાબેન ગંગર, મુક્તાબેન ખત્રી, વીણા લિયા, અરુણા ઠક્કર, નિર્મલાબેન ત્રિપાઠી, નીલમ કારિયા, પબુ ગઢવી, ગૌતમભાઈ જોશી, દિલીપ આચાર્ય, લાલજી મેવાડા, નેણશી મીઠિયા, કમલકાંત ભટ્ટ વગેરે હાજર રહ્યા હતા.

# પ્રકાશ મંજુષા : આજે સમાજને કેવા અગ્રેસરોની જરૂર છે?

*(આજથી અંદાજે ૭૫ વર્ષ પુર્વે પ્રકાશિત થયેલ આ લેખ તે સમયના જ્ઞાતિ ઈતિહાસની વાતો રજુ કરવાની અને તેમાંથી કઈંક પ્રેરણા લેવાની ભાવનારૂપે અત્રે પુનઃપ્રસ્તુત કરેલ છે.)*

આજકાલ જ્ઞાતિ સુધારણાનો પવન ચોતરફ ફકાઈ રહ્યો છે "બગડેલી બાજી કેમ સુધારાય." તેનીજ ગડમથલમાં સૌ પડ્યા હોય તેમ દિસે છે.

સાધારણ માન્યતા એવી છે કે જો જ્ઞાતિની એક જનરલ કોન્ફરંસ ભરાય તો આ મુશ્કેલીનો અંત આણી શકાય તેમ છે. કેટલાંકો એવો મત પણ ધરાવે છે કે અઠવાડીકો, માસીકો કે પત્રીકા દ્વારા લોકો મત કેળવવો જોઈએ. વળી ત્રીજો જુના વિચારનો પક્ષ એમ પણ બોલી રહ્યું છે કે "આ બધા ફાંધામાં કંઈએ વળે તેવું નથી. જેમ અગાઉ મહાજન ભેગું કરી કામ લેવાતું તેમ હમણાં પણ થવું જોઈએ. એવા ઠરાવ થવા જોઈએ કે હવે આપણે આમ કરશું અને આમ નહિ. એ સિવાય વધુની શું જરૂર છે?"

આવી રીતે જેને જેમ સુઝે તેમ મોટે અવાજે બણગા ફુંકતા જણાય છે. પણ આમ થવાનું પ્રયોજન શું? એજ કે યુગ પલટાયો છે. આજે ક્યાં છે એ શેઠ નરશી નાથા જેવા જ્ઞાતિ શિરોમણી કે જેઓના નામ માત્ર લેતાં આપણું માથું રહેજે નમી જાય.

તેઓનું જ્ઞાતિ અભિમાન, તેઓની ઉદારતા, તેઓનું એકવચનીપણું, તેઓનો જ્ઞાતિ માટે ભોગ, તેઓના નિર્દોષ ન્યાય, તેઓનું નિર્મળ ચારિત્ર, તેઓની સત્યતા, તેઓનો ત્યાગ, તેઓની ગરીબો પ્રત્યે દયા, તેઓનું લોકોપયોગી શુધ્ધ સદાચારી જીવન, આજે આગેવાનોમાં ખોળ્યું જડતું નથી. સમાજની દશા આવા નરપુરૂષોની ગેરહાજરીમાં "ધણી વિનાના સુનાં ઢોર" જેવી થઈ ગઈ છે.

જ્ઞાતિને તો આજે માટીના સુલેમાનો નહિં, જોહુકમી ચલાવનારા નહિં, પણ મહાન પ્રભાવક ચારિત્રશાળી, જ્ઞાતિના આત્મા થઈ રહે અને કહીને નહિં પણ કરીને બતાવે તેવા વીર અગ્રેસરોની જરૂર છે. "હજારો મણ વિદ્યા કરતાં એક મુઠ્ઠી ચારિત્રની કિંમત વધારે છે"

વાતોનો વખત ગયો, હવે તો કિંમત છે કરી બતાવનારની, નહિ કે બોલનારની. સમાજ બોલનાર કે લખનાર કરતાં તેના વર્તન ઉપર વધારે બારીકીથી જુએ છે. જેમ બાળકની દ્રષ્ટિ પોતાની માતાના સદ્‌વર્તન ઉપર હંમેશાં પડી રહે છે, ને કાળક્રમે તે બાળક પોતાની માતાનું અનુકરણ કરે છે; તેવીજ રીતે જ્ઞાતિરૂપી બાળકની દષ્ટિ, અગ્રસેરોરૂપી માતાઓ તરફ વધારે લક્ષ રાખે છે ભવિષ્યનાં બાળકો જો ઉત્તમ પેદા કરવાં હોય તો માતાઓને પ્રથમ નીતિમય કેળવણીની જરૂર છે તેવીજ રીતે સમાજને ઘડો બેસાડવા અગ્રેસરોએ પોતાનું જીવન આદર્શમય બનાવવાનું જરૂરી છે.

સ્વાર્થી ગુરૂઓ શું સંઘની સુધારણા કરી શકે?

અપ્રમાણીક શેઠ, શું નોકરોને પ્રમાણિકતાના પાઠ શીખવી શકે?

અનીતિમય સુકાનીઓ ન્યાતરૂપી વહાણને તારી શકે ખરા?

બીન કેળવાયેલી માતાના સંતોનો મહાપુરૂષો થઈ શકે ખરા?

વઢકણી સાસુ ઘરમાં શાંતિ રાખી શકે ખરી?

આ બધા પ્રશ્નોનો જવાબ એકજ છે અને તે **"ના."**

કર્મયુગનાં વર્તમાનકાળમાં જેને પોતાની જ્ઞાતિને આબાદીની ટોચે લઈ જવી હોય તેણે, પછી તે ભલે યુવક હો કે વૃધ્ધ હો, પણ પહેલા પોતાનું ચારિત્ર પવિત્ર-આદર્શમય બનાવવા, પોતાનાં સુખે સુખી નહિં, પણ જ્ઞાતિબંધુઓનાં સુખે સુખી અને દુઃખે દુઃખી થઈ, પૂર્વજોનાં આદર્શ નજર સમક્ષ રાખી, અનુકરણીય જીવન બનાવવું જોઈએ. તેણે ન્યાય, નીતિ, ઉદારતા વાત્સલ્યતા. ધીરજ અને સમદૃષ્ટિ રાખવાની વૃત્તિ કેળવવી જોઈએ કે જેથી આપણું ધારેલું કાર્ય જલદીથી પાર પડે.

***("પ્રકાશ"ના કારતક સં. ૧૯૮૯ ના એટલે કે સને ૧૯૩૩ના પુસ્તક ૯ને અંક ૧માંથી પુનઃપ્રકાશિત)***

## આ શબ્દો આજની પરીસ્થિતીને પણ લાગુ પડે ખરા કે નહીં ?

**જ્ઞાતિને તો આજે માટીના સુલેમાનો નહિં, જોહુકમી ચલાવનારા નહિં, પણ મહાન પ્રભાવક ચારિત્રશાળી, જ્ઞાતિના આત્મા થઈ રહે અને કહીને નહિં પણ કરીને બતાવે તેવા વીર અગ્રેસરોની જરૂર છે. "હજારો મણ વિદ્યા કરતાં એક મુઠ્ઠી ચારિત્રની કિંમત વધારે છે"**

## આરોગ્ય પ્રકાશ : વરસાદનાં દિવસોમાં રાખો તકેદારી

વરસાદનાં દિવસો બધાને ગમે છે કારણ કે આ દિવસોમાં વાતાવરણ અતિ આહ્લાદક હોય છે. તડકાની તપન અને ગરમી શમી ગયેલી હોય છે. પરંતુ સાથે સાથે વરસાદના દિવસોમાં વિવિધ રોગચાળાનો ભય પણ વધી જાય છે. હવામાં બાષ્પનું પ્રમાણ વધેલું હોવાથી વિવિધ રોગના જીવાણું કાટી નીકળવામાં પોષક વાતાવરણ સર્જાયેલું હોય છે. શરદી અને ઉધરસથી લઈને છેક, ડેંગ્યુ, મલેરિયા, ટાયફોઈડ, ફૂડ પોયઝન, કૉલેરા, ન્યૂયોનિયા, લેપ્ટોસ્પાયરોરિસ જેવા ઘણાં બધા રોગો માણસને પજવે છે. ગંદા પાણીના સંપર્કમાં આવવાથી ત્વચાના રોગ પણ સંભવી શકે છે.

બાળકોમાં રોગપ્રતિકારકતા વયસ્કોથી ઓછી હોવાથી બાળકો આ રોગોના શિકાર પહેલાં બને છે.

વરસાદનાં દિવસોમાં આ રોગોથી મુક્ત રહેવા માટે નીચે મુજબની તકેદારી અને ઉપાય યોજવાની જરૂર છે.

૧) રોજેરોજ સાફ પાણીથી નહાવાથી અને હમેશા જમતા પહેલાં અને કોઈ પણ વસ્તુ હાથમાં લઈને ખાવાની પહેલાં, હાથ સાફ પાણી-સાબુથી ધોવા જોઈએ.

૨) વરસાદનાં દિવસોમાં નાલા-નહેરોમાં ગંદુ ભરેલું પાણી વહેતું હોય છે. જો તેવું પાણી પીવા માટે વાપરીએ તો તેનાથી જંતુસંસર્ગ હોવાનો ભય વધી જાય છે. તેથી તેવું પાણી પીવા માટે અથવા રાંધવા માટે વાપરવું નહીં. ફિલ્ટર વૉટર પણ ખરીદી કરતી વખતે કોઈ પણ નવાં બ્રાન્ડનું પાણી લેવું નહીં. રસ્તામાં બનાવેલાં ઠંડા પીણાં અને મનગમતી ચીજો નહીં લેવી જોઈએ. પાણી ગરમ કરીને સૂતી કપડામાંથી છાણીને લેવાથી જંતુસંસર્ગ અડધો ઓછો થાય છે.

૩) ખાવાની વસ્તુઓ આ દિવસોમાં ખાસ ગરમ અને તાજી ખાવી. વાસી શાક કે બહુ દિવસ રેફ્રિજરેટરમાં મૂકાયેલી વસ્તુઓ પણ નહીં ખવાય.

૪) લેપ્ટોસ્પાયરોસિસ આ જીવાણુજન્ય બીમારીનો વરસાદનાં દિવસોમાં વધારે ચેપ દેખાય છે. રેલના પાણીમાં, અટવાયેલા ગટરના પાણીમાં જ્યારે માણસો ઊતરે છે, ત્યારે જો તેમના શરીરના ઘા ઉઘાડા રહે અને પાણીના સંપર્કમાં આવે તો લેપ્ટોસ્યાયરોસિસનો ભય વધી જાય છે.

તેથી શરીર પરના ઘા વરસાદનાં દિવસોમાં ઉઘાડા નહીં મૂકો.

વરસાદનાં દિવસોમાં નાની સૂની બીમારીને પણ ચલાવી લેવાય તેમ નથી. તાવ ઊતરતો નહીં હોય તો તાકીદે ડોક્ટરને મળવું જોઈએ. ઘરની આસપાસ પાણી અટકી રહે, વહીને નહીં જાય તો તેમાં મચ્છર થાય છે. મચ્છર મલેરિયા, ચિકુનગુનિયા જેવાં ઘણાં રોગોને આમંત્રણ આપે છે. તેથી આસપાસના પરિસરમાં પાણી અટકીને નહીં રહે તેની તકેદારી રાખવી જરૂરી છે, પાણીની પાણિયારી, નળના લીકેજ બંધ રાખવા.

જે ઠેકાણે નવાં ઇમારતનું કાર્ય ચાલી રહ્યું છે ત્યાં પાણી અટકી નહીં રહે તે સંભાળવું જોઈએ. ઘરમાં પણ મચ્છર નહીં આવે તેની કાળજી રાખવી.

આ દિવસોમાં “સી વિટામીન” વધારે પડતું ખવાય તો રોગપ્રતિકાર શક્તિ વધે. નારિંગી, મોસંબી, લીંબુ જેવાં ફળોમાં સી વિટામિન ભરપૂર માત્રામાં હોય છે.

વરસાદમાં પલળી જવાય ત્યારે ગરમ પાણીથી નહાવાથી ઘણો ફાયદો રહે છે.

સાફસૂથરાં કપડાં રાખીએ, ભીનાં કપડાં નહીં મૂકીએ તો ઘણો ફરક પડે.

આ દિવોસમાં પાણીની તરસ ઓછી લાગે છે. પણ તો પણ વધારે પાણી પીવું સારું.

સ્વચ્છ અને તાજો ખોરાક ખાવો.

### અનંત છાયા વેચાણ મંજુરીની ચેરીટી કમીશનર પાસેની અરજી

અનંત છાયા વેચાણ અંગે ચેરીટી કમીશનરની મંજુરી મેળવવા ટ્રસ્ટીઓ દ્વારા કરાયેલા અરજી તેમજ તેનો વિરોધ / વાંધો લેનાર શ્રીમતી લક્ષ્મી ખોના અને શ્રી ચંદ્રસેન મોમાયાની કેવીએટ અરજીની કાર્યવાહીની ત્રીજી તારીખ ૨૧ જુન ૨૦૧૨ના છે.

### લગ્ન વિષયક

**કર્ણાટક શહેર સ્થિત સારૂ કમાતા**
**૫૪ વર્ષીય વિધુર (૧ સંતાન છે)**
**૪૭ થી ૫૨ વયની આસપાસની**
**વિધવા/છુટા છેડા / કન્યા પાત્ર સાથે**
**લગ્ન ઇચ્છે છે.**

**સંપર્ક ફોન નં. 099020 84706**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ભાંડૂપમાં ૬૭મો ધજા મહોત્સવ

ભાંડૂપ અનંતના ચોરીવાલા આદેશ્વરજી જિનાલયની ૬૭મી સાલગીરીએ ત્યાન્હિકા મહોત્સવ ચર્તુવિધ સંઘની ઉપસ્થિતીએ ભારત બંધના દિવસે જેઠ સુદ અગીયારસના ચઢતા ભાવે સંપન્ન થયો. ધર્મ ધજાને આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરી મ.સા.ઠાણા ૩, પૂ.સા.શ્રી જયરેખાશ્રીજી મ.સા.ઠાણા ૩, પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ઠાણા ૩, પૂ.સા.શ્રી પરહિતગુણાશ્રીજી તથા પૂ.યતીશ્રી મોતીસાગરજી મ.સા.ની પ્રેરક નિશ્રા મળી. મહાજનશ્રીના પ્રમુખશ્રી નયન ભેદા સાથે સર્વ પદાધિકારીઓ સહ શ્રી ચીમનભાઈ મોતા, શ્રી સોમચંદભાઈ લોડાયા, શ્રી ચંપકભાઈ જીવાણી, ક.વી.ઓ. જૈન સંઘના સર્વ પદાધિકારીઓની હાજરી રહી.

આચાર્ય સાહેબનું શ્રી સંઘે શાનદાર સામૈયું કરતાં શ્રી લહેરચંદ મૈશેરીએ આચાર્ય તેમજ યતીશ્રીના સ્વગ્રહે પગલાં કરાવી રજત ગીનીએ ગુરૂપૂજન કરી ઉચ્ચિત કાપડ વહોરાવી સંઘપૂજન કર્યું.

પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. પંદર દિવસ સુધી અશરણ ભાવના ધર્મધજા, દિક્ષા વગેરે વિષયો ઉપર મનનીય પ્રવચન આપી. શ્રી સંઘને શાબદો કર્યો. પૂ.સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા. પણ સહકાર આપ્યો.

જિનાલયે રોશની આંગી સાથે સામાયિક, પ્રતિક્રમણ, અંગરચના અને આયંબીલતપ મહોત્સવના અંગ રહ્યા.

શ્રી ગોવીંદજી દેવજી મોમાયા (રાણપુર) તરફથી દાદાની પૂજા ભણાવાઈ. રાતે શ્રી યતીશ્રીજીની ઉપસ્થિતીએ મહાકાલીમાની ભાવના ભાવે ભણાવાઈ.

દાદા આદેશ્વરજીના શ્રી માણેકજી લઘુભાઈ લોડાયા, ચંદ્રપ્રભુના શ્રી વિનોદ રાયશી પોલડીયા, પદ્મપ્રભુના શ્રી લહેરચંદ રતનશી ડાઘા, મહાવીર સ્વામીના શ્રી લહેરચંદ વેલજી મૈશેરી, ક્ષેત્રપાળ દાદા શ્રી દિનેશ વશનજી દંડ સાથે દેવ દેવીઓ આ.સા.તથા ચલીત પ્રતિમાજીના આઢાર અભિષેકોના લાભ લાભાર્થીઓએ લીધા સાથે સુર્ય દર્શન શ્રી વનીતાબેન માણેકજી, ચંદ્રદર્શન શ્રી તોરલ તથા ભાવીક છેડા તેમજ અષ્ટ પ્રકારી પ્રથમ પૂજાનો લાભ લેવાયા.

આદેશ્વરજી દાદાની ધજાનો લાભ અ.સૌ. તરલાબેન લહેરચંદ મૈશેરી લાલાવાલા હસ્તે એડ. હેતલબહેન તથા પારસભાઈએ ૧૯૦૬૭ મણમાં આદેશ લઈ લહેરથી ધર્મ ધ્વજા લહેરાવી.

યતીશ્રીના શુદ્ધ મંત્રોચ્ચારે પાટલા પૂજન-નવગ્રહ-દશદિગ્પાલ-અષ્ટ મંગલ આદિ પૂજન મૈશેરી પરિવારે કર્યા.

શ્રી ભરત શાહના સંગીતે અભિષેક તથા સત્તરભેદી પૂજા ભણાવાઈ. વાજીંત્ર પૂજાએ મૈશેરી પરિવાર સહ સંઘના ભાઈબહેનો ચામરે તથા ગરબે ઘૂમી ભાવનૃત્ય કર્યું.

આચાર્ય સાહેબે આર્યરક્ષિતસૂરી મહારાજની ૯૦૦મી જન્મ જયંતી તેમજ આ.ભ. ગુણસાગરસૂરી મ.સા.ની જન્મ શતાબ્દી અંગે સવિસ્તાર પ્રકાશ પાડેલ.

મુંબઈ મહાજનદ્વારા પૂર્ણાહૂતીએ ફાઈવ સ્ટાર્સ કેટરીંગના આમરસના સ્વાદિષ્ટ ભોજને ૮૨૫ જણે સ્વામિભક્તિનો લાભ આપતાં અ. સૌ. દેશના મૈશેરીએ સંઘપૂજન કર્યું. ધજા પ્રસંગ મહોત્સવ બની રહ્યો ધજાએ કુલઘૃત માણ ૫૩૪૬૦ તેમજ નકરાએ રૂ.૪૯૧૪ દેવદ્રવ્યની ઉપજ થઈ.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ચાલીસગામ

ચાલીસગામ તિર્થની ૧૦૫મી ધ્વજા પ્રસંગે પ.પૂ.સાધ્વીશ્રીજી શ્રીગુણલક્ષ્મીશ્રીજી મ.સા. પ.પૂસાધ્વીશ્રી જયદર્શીતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રીજી મ.સા.ની નિશ્રામાં ધ્વજા મહોત્સવ ઉજવવામાં આવેલ.

સવારના સ્નાત્રપૂજા બાદ અઢાર અભિષેક કરાવવામાં આવ્યા. સંઘના ભાઈ-બહેનોને અભિષેકનો લાભ લીધેલ. શિખરજીની ધ્વજા ચઢાવવાનો લાભ શા. નરશી રૂપસી લોડાયાએ લિધેલ. ઘુમટજીની ધ્વજા ચઢાવવાનો લાભ શા. લક્ષ્મીચંદ કુંવરજી લોડાયા-વારાપધરવાળા (અપેક્ષા ડેરીવાલા)એ લિધેલ. સત્તર ભેદીપૂજા પણ ભણાવવામાં આવેલ. સ્વામીવાત્સલ કાયમી દાતા શ્રીમતી રતનબાઈ વિસનજી નાગડા-કચ્છ ગામ સાંધવ વાલા તરફથી તેમજ સહદાતા-શ્રીમતી દમયંતીબેન પદમશી ખોના કોચીનવાલા તરફથી રાખવામાં આવેલ.

સાંજના યોજાયેલ મહાકાળી માતાજીની ભાવનાનો લાભ માતુશ્રી નેણબાઈ માણીલાલભાઈ ઘુલ્લા પરિવાર-ભરૂડીયાવાલાએ લીધેલ. ગરબાની રમજટ સારી રીતે થયેલ. ધ્વજા મહોત્સવ ઉત્સાહ, ઉમંગ, ઉલ્હાસથી શાંતીથી પાર પડેલ સંપૂર્ણ કાર્યક્રમ માટે સંગીતકાર તથા વિધીકાર માલેગામથી દેવેન્દ્રભાઈ પટણી એમની મંડળી સાથે પધારેલ.

### બાંઢીયા પટેલ પરિવાર

બાંઢીયાના સચ્ચાઈ માતાજીની મુર્તી પ્રતિષ્ઠા તથા ભૂવા માટે તા.૨૬-૩ થી ૧-૪-૧૨ સુધી બાંઢીયા ગામમાં પટેલ પરિવારનાં ૫૦ જણાં પધારેલ અને કુળદેવીભક્તિ કાર્યક્રમ શાંતિથી પૂર્ણ થયેલ. જેમાં શ્રી હીરાચંદ પટેલ પરિવારે સારી જહેમત ઉઠાવેલ.

### ખામગામમાં ચાતુર્માસ પ્રવેશ

પૂ. ગચ્છાધિપતિશ્રી અમીદષ્ટિથી ખામગામમાં આ વર્ષે દીર્ઘસંયમી પૂ. ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ. વિજયપૂર્ણાશ્રીજી મ.સા.આદિ ઠાણા ત્રણનું ચાતુર્માસ સાંપડેલ છે, તેઓશ્રીનો ચાતુર્માસ મંગળ પ્રવેશ ૨૨-૬-૨૦૧૨ના શ્રી દે.બિ. મંગલ કાર્યાલય, ખામગામમાં થશે. પૂ. વિજયપૂર્ણાશ્રીજી મ.સા. શેગાંવમાં અખાત્રીજ પારણા પ્રસંગે પધારેલ ત્યાં એક માસની સ્થિરતા દરમ્યાન શ્રી ખામગામ જૈન સંઘ જય બોલાવવા ગયેલ. શ્રી માણેકજી પરબત મૈશેરી (જખૌ) પરિવારે તેમના નિવાસસ્થાને સુંદર સાધર્મિક ભક્તિ કરી. એમની ભૂરિ ભૂરિ અનુમોદના.

### નાંદેડમાં ચાતુર્માસ પ્રવેશ

સાત વર્ષબાદ શ્રી નાંદેડ સંઘને ચાતુર્માસનો લાભ મળેલ છે. ગતચાતુર્માસ હૈદ્રાબાદમાં કરી વિહાર કરતા પ.પુ. સાધ્વીશ્રી વિચક્ષણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પુ.શ્રી દિવ્યગુણાશ્રીજી તથા પ.પૂ. કોટિગુણાશ્રીજી મ.સા. તા.૨૨-૬-૧૨ નાંદેડ ખાતે ચાતુર્માસ પ્રવેશ કરશે. આ ચાતુર્માસના સંઘપતીનો લાભ ચી. પલ્લવી વીરચંદ ચાંપશી શીયાળ હસ્તે વિમલાબેન (કસ્તુરી) વિરચંદ શીયાળે લીધેલ છે.

ચાતુર્માસ આધાર સ્તંભ રૂા.૨૧૦૦૦/- લક્ષ્મીચંદ શામજીભાઈ લાપસીયા, ગોવિંદજી આણંદજીભાઈ નાગડા, કનૈયાલાલજી મુનોત, લીલાધર ગાંગજીભાઈ લાપસીયા, આણંદજી કાનજી જીવાણી, લધુભાઈ ભીમસી લોડાયા, સુરેશભાઈ અમીચંદ શાહ, ઇશ્વરચંદ શામજી જૈન.

સહાયક આધારસ્તંભ રૂ.૧૧૦૦૦-મુકેશકુમાર લાલચંદ શાહ, આસુભાઈ ગોવર્ધનદાસ, મનસુખભાઈ ગાલા, પ્રકાશચંદ્રજી બોથરા આમ લાભ લીધેલ છે.

### બેંગ્લોર સીટીમાં મુનિવરો પધાર્યા

અચલગચ્છાધિપતિ પૂ.આ.શ્રી ગુણસાગરસૂરિ જન્મ શતાબ્દિની સમગ્ર કર્ણાટકમાં ઉજવણી કરતાં કરતાં પ્રવચન પ્રભાવક મુ.શ્રી દેવરત્નસાગરજી મ.સા.આદિ ઠાણા ૬નો ૨૩ મેના પાર્શ્વલબ્ધિધામથી નગર પ્રવેશ થયેલ. ૧૦૮ પાર્શ્વનાથ દેહનહલ્લી તથા સિધ્ધાચલ સ્થુલભદ્રધામની યાત્રાઓ થઈ. ૫૦૦ બાળકોની ૧૦ દિવસીય ૯૯ યાત્રા અનુષ્ઠાને નિશ્રા પ્રદાન કરી. હાલ બેંગ્લોરના જુદાજુદા પરાઓમાં પ્રવચનધારા વહાવી રહ્યા છે. ૧૦૦ માસ ક્ષમણનો ઘંટારવ ગૂંજવી રહ્યાં છે. ૨૭ જૂને જયનગર બેંગ્લોરમાં ધર્મનાથ જિનાલયે ચાતુર્માસ પ્રવેશ કરશે. પ્રવેશ પ્રસંગે ત્રિદિવસીય ૨૦ સ્થાનકજી પૂજન સહિત ૭ છોડનું ઉજમાણું છે. શ્રી ક.દ.ઓ. બેંગ્લોર તથા શ્રી ક.વી.ઓ. સમાજ બન્નેના ભેગા પર્યુષણપર્વના આયોજન ગોઠવાયા છે.

### ગાંધીધામ જૈન એકતા મહિલા મંડળ

મંડળ દ્વારા રાહત દરે વિદ્યાર્થીઓને નવનીત પ્રકાશનની નોટબુક્સ ૫૦% રાહત દરે આપવામાં આવેલ. જેમના મુખ્ય દાતા એક સદ્‌ગ્રહસ્થ તથા સહયોગી દાતાઓ શ્રી ગીરીશભાઈ ઠાકરશી લોડાયા, શ્રી દમયંતીબેન ઠાકરસી ભાટે, શ્રી અરૂણાબેન મહેન્દ્રભાઈ દંડ, શ્રી પદ્મીનીબેન મણીલાલ નાગડા તથા રોનક અને જીતેન પ્રતાપ મોતા હતા.

વિતરણ કાર્યમાં કમીટીની બહેનો શ્રીમતી મીનાબેન લાલકા, દિપ્તીબેન લોડાયા, મૃદુલાબેન નાગડા, પદ્મીની નાગડા, ભાવીની દંડ, આશાબેન ગોસર, લીપાબેન મૈશેરી તથા પ્રતીભાબેન દંડે સારી જહેમત ઉઠાવેલ.

### સાંયરા

માતૃશ્રી ગંગાબાઈ હંસરાજ ખેતશી પટેલ ગામ સાંયરા હાલે ડોડાયા તરફથી તા.૧-૬-૨૦૧૨ જેઠ સુદ ૧૨ના સંઘપૂજન સહ સ્વામીવાત્સલ્ય જમણ થયેલ.

### કચ્છ જમીન કૌભાંડ અંગે સ્પેશીયલ ઇનવેસ્ટીગેશન ટીમ દ્વારા કાર્યવાહી : જ્ઞાતિજનને છેતરવા બદલ જ્ઞાતિજનની ધરપકડ

ગુજરાત સરકારે સરકારી તંત્ર જમીન કૌભાંડ અંગે દાદ ન આપતું હોય તે માટે અરજદારોને સહાય કરવા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને ઍડીશનલ કલેક્ટર, ડિસ્ટ્રીક્ટ ડેવલપમેંટ ઓફીસર અને જિલ્લા પોલિસ વડાની બનેલ સ્પેશીયલ ઇનવેસ્ટીગેશન ટીમની રચના કરી છે. કચ્છ જિલ્લાની આવી ટીમ સમક્ષ ૩૯ અરજીઓ આવી છે. જેમાં સૌથી વધુ પ્રગતિ જે કેસમાં થઈ છે તેમાં મુળ કચ્છ ગામ વરાડીયાના લહેરચંદ રતનશી ડાઘા (શાહ) સાથે જમીન સંબંધે છેતરપીંડી કરવા બદલ વિજય શાંતિલાલ મૈશેરીની ધરપકડ થઈ છે અને વિજય હિરાલાલ મોમાયાની ધરપકડ થવાની છે, એવા સમાચાર દિવ્યભાસ્કરમાં પ્રગટ થયા છે.

## સાભાર સ્વીકાર

**મોહમદ રફી : મુઝકો મેરે બાદ જમાના ઢૂંઢેગા :**
**લેખક : શ્રી ધીરેન્દ્ર જૈન**




આપણાં જ્ઞાતિના શ્રી ધીરેન્દ્ર ચાંપસી નાગડા, ભાંડુપ (પશ્ચિમ) દ્વારા લિખિત આ પુસ્તક પણ તેમના આ પહેલાં પ્રગટ થયેલ **"મોહમદ રફી એક ફરિશ્તા થા વો"** પુસ્તક (જેને મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા ૨૦૦૯-૧૦નું પ્રતિષ્ઠિત સન્માન પ્રાપ્ત થયું હતું) જેવું લાગણીઓને ભીની કરી દે અને અતીતના તાર ઝંકૃત કરે તેવું રસપ્રદ છે.

માહિતીના ખજાના જેવા આ પુસ્તકમાં મહમદ રફીએ ક્યા સંગીતકારો સાથે કેટલી ફિલ્મો, કેટલા ગીતો, સોલો યુગલ સમૂહ ગીતો તેમજ ક્યા ગીતકારોના કેટલા ગીતો ગાયા હતા તેના કોઠાઓ આપેલ છે.

સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલ દ્વારા પસંદ કરાવેલ તેમના સંગીતમાં રફી સાહેબે ગાયેલા દસ શ્રેષ્ઠ ગીતો કેવા સંજોગોમાં રચાયા તેનાં ઉત્તેજના સભર વર્ણનો સંગીતકાર આણંદજીભાઈ, શંકર (જયકિસન), ઉદ્‌ઘોષકો અમીન સયાની, ગોપાળ શર્મા (રેડીયો સિલોન) અને અન્ય ફિલ્મી હસ્તીઓ દ્વારા અપાયેલ શ્રધ્ધાંજલિઓ વાંચતાં વાચક એક અગમ નિગમ દુનિયામાં ખોવાઈ જાય તેવી લેખકની આગવી ભાષા-શૈલિથી પુસ્તક સમૃધ્ધ બન્યું છે. આવા મનોરમ્ય પુસ્તક બદલ ધીરેન્દ્રભાઈને હાર્દિક અભિનંદન (૦૯૩૨૩૭૮૮૫૪૮)


**અનંત આરોગ્ય નિધિ દેવલાલી સંચાલિત**
**શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સેનોટેરિયમ**
(ઓફ લામ રોડ, રોડ નં.૬
ચેકનાકાની અંદર, દેવલાલી)
મંગલભાઈ - 0253-2455136 મો.. 9930221607
**આનંદો ! આનંદો ! આનંદો !**
**૧૫ જુન થી ૩૦ ઓક્ટોબર ૨૦૧૨ સુધી**
**ખાસ ૨૦% ડિસ્કાઉન્ટ**
**પ્રદુષણમુક્ત વાતાવરણમાં, નયન રમ્ય કુદરતી હરીયાળી ને માણવા તૈયાર થઈ જાવ. બેગ પેક કરીને આરામ કરવા પધારો.**
**-: બુકીંગ માટે સંપર્ક મુંબઈ ઓફિસ :-**
ક્વેસ્ટ ૧૦૭૩, રાજાભાઊ દેસાઈ માર્ગ, બ્યુમોંડ ટૉવરની પાછળ, પ્રભાદેવી-મુંબઈ-૪૦૦૦૨૫.
ANZ બેંકની બાજુની ગલ્લી, સેન્ચરી બજારની બાજુમાં
**પરેશ લોડાયા : 022 - 2439 4444**
**(સોમ થી શની ૧૧ થી ૫ની વચ્ચે)**


**ભલારાદાદાજીનું સ્તવન** (રાગ અચકો મચકો કારેલી)

*તમો કેયા તે ગામના દાદા હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*તમો લાલપુરગામના દાદા હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*તમો સુથરીગામના દાદા હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*તમો માથે પાઘડી પેરી હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*તમો હાથમાં ભાલો રાખ્યો હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*તમો પાંગળાને પગ આપ્યો હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*તમો આંધળાને આખીયું દીધી હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*તમો ભૂખ્યાને અન આપ્યા હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*તમો સિંધના બાદશાહને પરચો બતાવ્યો હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*તમો લાકડાના ઘોડા દોડાવ્યા હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*તમો ભક્તોને આશીર્વાદ આપ્યા હો રાજ*
*જય ભલારા જય ભલારા*
*- લી. નવીનચંદ આણંદજી નાશીક*

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

સરલા જયચંદ લાપસીયા-મુલુન્ડ ૯૯૨૦૫૧૪૨૫૫

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧-૬-૧૨ | ડોંબિવલી | NLMO012003 | ગૌરવ ચેતન ભવાનજી મોમાયા | નલીયા | ૨૬ |
| | કાંજુરમાર્ગ | KRLO150105 | અલ્પા ચન્દ્રકાંત રાયચંદલોડાયા | કોઠારા | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૪-૧૨ | ઠાકુરલી | A | અંકુર બિપીન અરોરા | મેરઠ | ૨૭ |
| | ડોંબિવલી | KUMO | બિજલ પ્રમોદ વીશનજી મોતા | કુવાપધર | ૨૭ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૪-૧૨ | કાંદીવલી | TRMT030201 | રૂપેન ખુશાલ લાલજી મોતા | તેરા | ૨૯ |
| | અંધેરી | A | નીતા ભૂપેન્દ્ર પાંડે | ઈન્દોર | ૨૯ |

## પાસ થયા અભિનંદન !




**વૈભવી ધનપાલ મોમાયા**
(વડોદરા-સાંયરા)
S.S.C. - 81.40%



**પુજા તેજકુમાર ખોના**
(જલગામ)
S.S.C. (CBSE) - 90%



**સિધ્ધિ ખુશાલ લોડાયા**
(વારાપધર)
S.S.C. - 82.33%



**અંજલી યેનેશ શાહ (નાગડા)**
(લાતુર)
H.S.C. - 87.50



**વિરલ શાંતીલાલ ધરમશી**
(ગોરખડી-નિઝામાબાદ)
S.S.C.- 83%



**ખુશ્બુ પ્રદીપ પટેલ**
(નલીયા-હુબલી)
PUC-I - 92.50%
(કોલેજમાં પ્રથમ)



**દીપાલી લલિત ખોના**
(મોટીખાવડી-હુબલી)
PUC I - 92%



**સમતા પ્રદિપ ખોના**
(ગાંધીધામ-સાંઘવ)
S.S.C. - 63%



**જીનેન વિપુલ મૈશેરી**
(સાંધાણ-આદિપુર)
S.S.C. CBSE - 95%
C.G.P.A. - 10

મહેક ચંદ્રેશ શાહ (ધુલ્લા)
(સુથરી-મુલુન્ડ)
HSC (Com.)
78.67%

વૈભવ મુકેશ ભાટે
(ધરમશી)
SSC
89.80

## KDO હોપ ૧૦૦૦ મેમ્બરો માટે ખાસ

કે.ડી.ઓ. હોપ-૧૦૦૦ પ્રોજેક્ટના જે પણ મેમ્બરોએ પોતાના બદલાયેલા એડ્રેસ કે ટેલીફોન / મોબાઈલ નંબર વિશે જાણ ન કરી હોય તો તેમને વહેલી તકે પત્ર દ્વારા નીચે આપેલ સરનામે મોકલી આપવા વિનંતી.

કારણ કે પ્રોજેક્ટ વિશેની દરેક માહિતી થોડા સમયમાં પત્રથી મેમ્બરોને અપાશે, એની ખાસ નોંધ લે.

અગાઉ જેમણે માહિતી મોકલી છે તેઓને મોકલવાની જરૂર નથી.

એડ્રેસ : **રાયચંદ હંસરાજ ધરમશી**, ૧૪મે માળે, મઢુલી એપાર્ટમેન્ટ,
ડૉ. એની બેસેન્ટ રોડ, વર્લી, મુંબઈ-૪૦૦૦૧૮. **મો. ૯૮૨૦૦૮૪૮૬૭**

***લી. રાયચંદ હંસરાજ ધરમશી***

## ટૂંકી વાર્તા : રસોડાનું મસોતું

રસોડામાં મસોતા વિના કાંઈ ચાલે? ઘડીભર ન ચાલે પણ હવે આ મસોતું બદલવાનું થયું છે. મસોતાથી તપેલું પકડી ભાતમાંનું પાણી નીતારતાં હું આજે દાઝી. હવે સાવ જરી ગયું છે. કેટલા વખતથી વાપરું છું! મારી મા આવેલી ત્યારે પોતાનું જૂનું બ્લાઉઝ મૂકી ગયેલી. ફાટી ગયેલું. મેં તેને મસોતા તરીકે વાપરવા રસોડામાં લીધું.

આ મસોતા તરફ જોતાં-જોતાં મને મા બહુ યાદ આવી. તેવામાં ઘંટી વાગી. મેં જઈને બારણું ખોલ્યું. “અરે, જાનકી! અત્યારે?”

જાનકી અમારી કોલોનીમાં જ રહે છે. બહુ કામઢી બાઈ, રસોડામાં ને ઘરકામમાં એટલી બૂડેલી રહે, કે કોઈને ત્યાં જવાનો એને કવચિત જ સમય મળે.

મેં એને બેસાડી. થોડી અહીં-તહીંની વાતો કરીને એ બોલી, “તમે મને અંગ્રેજી શીખવશો? રોજ નહીં, તોયે એકાંતરે દિવસે હું તમારી પાસે શીખવા જરૂર આવીશ.”

“જરૂર શીખવીશ, પણ તને આ અંગ્રેજીનો નાદ ક્યાંથી લાગ્યો?”

“મને લાગે છે, મારે અંગ્રેજી શીખી લેવું જ પડશે. તેના વિના નહીં ચાલે. છોકરાં હવે મોટાં થયાં. નિશાળનું લેશન કરતાં એમને કાંઈ-કાંઈ પૂછવાનું હોય, પણ બળ્યું ઈંગ્લિશ મિડિયમ! મારી કાંઈ ચાંચ બૂડે નહીં. નાનકી તો હવે કહી દે છે, મમ્મી તને કાંઈ નથી આવડતું.”

હું પોતે પણ વિચારમાં પડી ગઈ. હજી કાલની જ વાત. મારી દીકરી દસ દિવસની એક કમ્પ્યુટર શિબિરમાં જઈને આવી. મેં પૂછયું, “ત્યાં તને શું-શું શીખવ્યું?” ત્યારે તેણે મારું મોઢું જ તોડી લીધું-“ને કમ્પ્યુટર બાબત એક દોકડોયે સમજાશે કે?” અને જેવા ડેડી આવ્યા કે ઊછળી-ઊછળીને કલાકેક સુધી તેણે એમને શિબિરની બધી વાતો કરી. મને થયું, જાનકીની જેમ મારે પણ કમ્પ્યુટર શીખવા જવું પડશે?!

જાનકી ગઈ અને હું રસોડામાં આવી. પેલું મસોતું. મને ફરી માની યાદ આવી આજકાલની મમ્મીઓ તો થોડું-ઘણુંયે શીખેલી હોય, પણ ત્યારે તો ભણેલી મમ્મીઓ બહુ ઓછી. મારી મા માત્ર ચાર ચોપડી ભણેલી. નિશાળના લેશનમાં અને કાંઈ પૂછી શકાય એવો સવાલ જ નહીં એટલે અમે મોટાં થતાં ગયાં તેમ ખાવાપીવા સિવાયનો મા સાથેનો આવો વ્યવહાર બહુ ઓછો થતો ગયો.

મને એકદમ યાદ આવ્યું. એક વાર નિશાળમાં પહેલી આવી. મને ઇનામ મળ્યું. સમારંભમાંથી પાછી આવી ત્યારે મા મારી વાટ જોતી બારણામાં જ ઊભેલી. હોંશથી તેણે પૂછયું, “શું ઈનામ મળ્યું?” પણ મારું તેના તરફ ધ્યાન જ નહોતું. હું તો દોડતી ઘરમાં જઈને ડેડીને ઇનામ બતાવી બધી વાત કરવા લાગી. મને ત્યારે ખ્યાલ જ નહોતો આવ્યો કે આ રીતે વર્તવું એ માનું અપમાન છે.

આજે હું પોતે મા બની છું ત્યારે મને આ બધું સમજાય છે. રાતે પથારી ભીંજવી હોય એટલે નાનું બાળક રડે, ત્યારે ગાઢ નીંદરમાંથી ઊઠીને તેનાં બાળોતિયાં બદલવાં, તેને થાબડી-થાબડીને ફરી સુવાડવું, ક્યારેક કજીયે ચઢે ત્યારે તેડીને બૂચકારતાં-બૂચકારતાં ક્યાંય સુધી ઓશરીમાં આંટા મારવા, જરીક મોટું થાય પછી તેને ખવડાવવા તેની પાછળ-પાછળ ફરીને લાડ કરવા, વારે વારે તેના શેડા લૂછવા, માંદુ પડે ત્યારે ખાધા-પીધા વિના ઊચક જીવે તેની સારવારમાં લાગવું-બધું મા કરે છે, તે મેં જાતે અનુભવ્યું. તેમ છતાં છોકરાં મોટા થાય ત્યારે બાપ તરફ જ કેમ વધુ ઢળે છે? અને મા જો મારી મા જેવી અભણ હોય તો તો તેની ઉપેક્ષા જ કરાય છે!

મને મા પ્રત્યે એકદમ લાગણી થઈ આવી. થયું, જઈને એની માફી માગી આવું કે તારી સાથે મારે આવી રીતે વર્તવું જોઈતું નહોતું, પણ કદાચ હું જઈે આવું કહું તો એ હસી જ કાઢે અને મારા માથે ને વાંસે એનો પ્રેમાળ હાથ ફેરવે!

તેવામાં ઘંટી વાગી. બારણું ખોલ્યું તો મારી પડોશી અરુણા : “હજી તું તૈયાર નથી થઈ? ત્રણ વાગી ગયા!”

વિચારમાં ને વિચારમાં ખોવાયેલી હું તો સાવ ભૂલી જ ગયેલી! મારા બાબાને તે તેની બેબીને નિશાળમાંથી લાવવાનાં હતાં. પહેરેલે કપડે જ હું નીકળી ગઈ. નિશાળ છૂટી ગઈ હશે અને છોકરાં ક્યાંક પાછાં આઘાંપાછા ન થઈ જાય! ન કપડાં બદલવા રહી, ન માથું ઓળવા. મા નહોતી બની ત્યારે આવા વેશે બહાર નીકળતાં હું દસ વાર વિચાર કરત.

હું ઝટઝટ ચાલતી હતી. પણ અરુણા પાછળ પડી જતી. પૂછયું તો કહે, “પગ મોચવાયો છે.” ક્યાં? તો કહે, “સાઈકલ પરથી પડી ગઈ.” તું વળી સાઈકલ પર ક્યાંથી? તો કહે, “સાઈકલ શીખું છું. આવતા વરસે બેબીને સેન્ટ ઝેવિયર્સમાં મૂકવી છે. બહુ દૂર છે. એટલે સાઈકલ શીખી લીધી હોય તો ઠીક પડે.”

*(અનુસંધાન પાના નં.૧૮ પર)*

## હાર્દિક અભિનંદન !



**હીરાવંતી જયચંદ પુનસી નાગડા**
**(જખૌ-બેંગ્લોર)**

આપના લગ્નજીવનની ૫૦મી સાલગિરા નિમિત્તે પરમાત્મા આપના જીવનને સુખ, શાંતિ અને સમૃધ્ધિમય બનાવે તેની શુભેચ્છાઓ સાથે

-: શુભેચ્છક :-

**દ.ભા.ક.દ.ઓ.જૈન એકમની**
**કાર્યકારિણી સમિતિના સર્વે સભ્યો**

કચ્છી ભવન, ૪૪બી ફસ્ટ મેઇન રોડ, મિની ફોરેસ્ટ સામે, જે.પી. નગર, ૩ ફેઝ, બેંગલોર - ૫૬૦૦૭૮.

## ખોના તથા લોડાયા પરિવારનું ગૌરવ



**કુ. પૂજા તેજકુમાર ખોના (મંજલ-જલગામ)**

કુ. પુજા S.S.C. (CBSE)માં ૯૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. હાર્દિક અભિનંદન.

*** શુભ આશિષ ***

દાદાણા : સ્વ. લક્ષ્મીબાઈ દેવશી ખોના (મંજલ-ડોમ્બીવલી)
નાનાણા : અ.સૌ. મધુબેન વિનોદ લોડાયા (નલીયા-કોચીન)
મમ્મી-પપ્પા : સૌ. કેતકી તેજકુમાર ખોના (મંજલ-જલગામ)
મોટા મમ્મી-પપ્પા : સૌ. મધુ મણીલાલ ખોના (મંજલ-ડોમ્બીવલી)
ભાઈ : ચંદ્રેશ મણીલાલ ખોના (મંજલ-ડોમ્બીવલી)
બહેન-બનેવી : સૌ. માધવી કલ્પન ધરમશી (સુથરી-મુલુન્ડ-USA)
ફોઈ : કલ્પના દેવશી ખોના (મંજલ-ડોમ્બીવલી)

## સાંયરાના "પટેલ" પરિવારનું ગૌરવ



**ચિ. નિમેષ અશોક મેઘજી પટેલ (મોમાયા)**
**(સાંયરા-કોઇમ્બતુર)**

HSCની પરીક્ષામાં ૯૦%થી ઉત્તીર્ણ થયેલ છે અને સાથે Direct Level સુધી Drums Competition માં પ્રથમ ઇનામ લઈ પરિવારનું ગૌરવ વધારેલ છે.

હાર્દિક અભિનંદન અને વધુ સફળતાની શુભેચ્છાઓ.

*** શુભ આશિષ ***

દાદાણાં : માતુશ્રી ખેતબાઈ મેઘજી પટેલ પરિવાર (સાંયરા)
નાનાણા : રતનબહેન લક્ષ્મીચંદ પોલડીયા (બાયઠ)
માતા-પિતા: નીતા અશોક પટેલ (કોઇમ્બતુર)
બહેનો : ભૈરવી અને કૃતીકા અશોક પટેલ

## લોડાયા પરિવારનું ગૌરવ



**ચિ. શ્રધ્ધા રાજેન્દ્ર લોડાયા** (નાનીખાવડી-ડોંબિવલી)

HSCમાં ૮૨% ગુણાંક સાથે ઉત્તીર્ણ થઈ છે. તે જીવનમાં દરેક ક્ષેત્રે સફળતાના શિખરોસર કરતી રહે તેવી શુભેચ્છા. પરિવાર આ પ્રસંગે ખૂબજ આનંદ અને ગૌરવ અનુભવે છે.

દાદી દાદા : માતુશ્રી જયાવંતી રાયચંદ નરશી લોડાયા
માતા પિતા : પ્રવિણા રાજેન્દ્ર લોડાયા (ડોંબિવલી)
મોટા માતા પિતા: જયશ્રી ભરત લોડાયા (કાંજુરમાર્ગ)
સ્વ. લતા પંકજ લોડાયા
કાકા-કાકી : ઈંદિરા પરેશ લોડાયા (કચ્છ)
નિશા કિરીટ લોડાયા (મુલુન્ડ પૂર્વ)
ફઈ-ફુવા : રેખા પ્રફુલ્લ શિયાલ (ભાંડુપ)
બહેનો : ફાલ્ગુની (મોના) અજય લોડાયા (નેરૂલ)
જૈના ભરત લોડાયા
ભાઈ ભાભી : ઉર્વી જીજ્ઞેસ શિયાલ (અમદાવાદ)
ભાઈઓ : દક્ષ, ઉમંગ, કાવ્ય
નાનાણાં : માતુશ્રી રાજબાઈ કુંવરજી ડાઘા (ડોંબિવલી-દલતુંગી)

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# અમીભર્યા અંતરની હાર્દિક શુભેચ્છા... અભિનંદન...



## કુ. કૃપા હર્ષદભાઈ ગાંધી (ઉ.વ. ૨૨)

ગાંધીધામ (કચ્છ)

અમારી ચિ. કૃપાએ B.Com. થઈ હાલ I.C.A. માં ઉચ્ચ ગુણાંકે ઉત્તીર્ણ થઈ પરિવારનું ગૌરવ વધાર્યું છે. સફળ શૈક્ષણિક કારકીર્દી બદલ હાર્દિક અભિનંદન. ભાવિમાં પણ ખુબ પ્રગતિ કરી આગળ વધે તેવી શુભેચ્છાઓ.

કુ. કૃપા મહેંદી, હસ્તકલા, શણગાર, સજાવટ આદિ કલાઓમાં નિપુણ છે. શ્રી ભલાચદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ બીઝનેસ એક્ઝીક્યુટીવ તરીકે કાર્યરત છે. બીઝનેસ મેનેજમેંટ, માર્કેટીંગ અને બીઝનેસ પ્રમોશન પ્રદર્શનોમાં કમર્શીયલ ફોટોગ્રાફી-વીડીયો શુટીંગ સંભાળે છે. તેને હાર્દિક અભિનંદન સાથે યશસ્વી ભાવિની શુભેચ્છાઓ.

~ શુભાશિષ ~

દાદાણા : સમસ્ત ગાંધી પરિવાર

નાનાણા : માતુશ્રી દેવકાબાઈ મેઘજી નાગડા પરિવાર (તેરા)

(સંપર્ક ફોન : ૦૯૮૨૫૩૫૧૦૦૧)




આવી જ પ્રગતિ કરતા રહો... ધાર્મિક સમિતીના કન્વીનર શ્રી કુમાર દંડની પોતાની નવી ઓફીસના ઉદ્‍ઘાટન પ્રસંગે શુભકામના આપતી વ્યવસ્થાપક સમિતી

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**